**એકમ–2**

# માહિતી કેન્દ્રો : પ્રકારો અને તેમના સંગઠનો
# Information Centres : Types and Their Organisation

## : રૂપરેખા :


**2.0** ઉદ્દેશો

**2.1** પ્રસ્તાવના

**2.2** માહિતી કેન્દ્રો

- **2.2.1** શરૂઆત
- **2.2.2** વ્યાખ્યા
- **2.2.3** ગ્રંથાલયો અને માહિતી કેન્દ્રો
- **2.2.4** માહિતી કેન્દ્રોની જરૂરિયાત

**2.3** માહિતી કેન્દ્રો : પ્રકારો

- **2.3.1** વિશિષ્ટ રસ અનુસાર
- **2.3.2** માલિકીપણા અનુસાર
- **2.3.3** સેવાના સ્તર અનુસાર
- **2.3.4** પૂરી પાડવામાં આવતી વિવિધ સેવાઓ અનુસાર
- **2.3.5** સામગ્રીના પ્રકારો અનુસાર
- **2.3.6** ઉપભોક્તા આધારિત સેવાઓ અનુસાર

**2.4** માહિતી કેન્દ્રોનું સંગઠન

- **2.4.1** પ્રવૃત્તિમાં ક્ષેત્ર

**2.5** માહિતી કેન્દ્રોની સેવાઓ

- **2.5.1** ગ્રંથોની લેવડદેવડ
- **2.5.2** પ્રલેખોની આંતર ગ્રંથાલય લેવડ દેવડ
- **2.5.3** ફોટોનકલ સેવા
- **2.5.4** પ્રલેખ પૂર્તિ સેવા
- **2.5.5** સંદર્ભ, સાહિત્ય શોધ અને વાઙ્મયસૂચિઓનું નિર્માણ
- **2.5.6** માહિતી નિર્દેશ સેવા
- **2.5.7** સમાચાર પત્ર કતરણ
- **2.5.8** અનુવાદો
- **2.5.9** તકનીકી પૂછપરછ
- **2.5.10** માહિતી તપાસ
- **2.5.11** અદ્યતન અવબોધન સેવાઓ
- **2.5.12** સારકરણ
- **2.5.13** માહિતી કેન્દ્ર પ્રકાશનો
- **2.5.14** CD-ROM શોધ
- **2.5.15** ડેટાબેઝની ઓનલાઈન પ્રાપ્તિ
- **2.5.16** ઈન્ટરનેટ સેવાઓ

**2.6** માહિતી કેન્દ્રનું આયોજન

**2.7** માહિતી કેન્દ્રોના ઉદાહરણો

- **2.7.1** રાષ્ટ્રીય
- **2.7.2** આંતરરાષ્ટ્રીય

**2.8** સારાંશ

2.9 તમારી પ્રગતિ ચકાસો ના ઉત્તરો
2.10 ચાવીરૂપ શબ્દો
2.11 સંદર્ભો અને વિશેષ વાચન

## 2.0 ઉદ્દેશો (OBJECTIVES)

- **આ એકમના અધ્યયન બાદ, તમે આ બાબતથી સક્ષમ બનશો :**
- માહિતી કેન્દ્રો અને વિશિષ્ટ ગ્રંથાલયોની ભૂમિકાને વ્યાખ્યાયિત કરવા;
- માહિતી કેન્દ્રોના વિવિધ પ્રકારો ઓળખવા ;
- તેના વિવિધ સ્તરો જણાવા
- માહિતી કેન્દ્રોના હેતુઓ અને કાર્યો વર્ણવવા ; અને
- પ્રતિનિધિ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય માહિતી કેન્દ્રોના પ્રતિનિધિરૂપ ઉદાહરણોની યાદી અને ટૂંકુ વર્ણન દર્શાવવા.

## 2.1 પ્રસ્તાવના (INRODUCTION)

માહિતી કેન્દ્રો સંશોધનો અને વિકાસ, ધંધા અને ઉદ્યોગને માહિતી પીઠબળની જરૂરિયાત પૂરી પાડે છે, સરકારી વિભાગો અને અન્ય પ્રકારના સંગઠનોના કાર્યોને સંતોષે છે. આ કેન્દ્રો ઉપભોક્તાઓની માહિતી જરૂરિયાતો અને ખરેખર જરૂરી માહિતી વચ્ચેની માહિતી ઉણપ પૂરી પાડવામાં સેતુ બનવાની મહત્ત્વની ભૂમિકા ભજવે છે. પ્રાપ્તિ અને પ્રસારને ધ્યાનમાં લેતાં તે ઉપભોક્તાઓને નવી માહિતી વિકસાવવામાં વધારે સમય પૂરો પાડી જે પ્રાપ્ત થાય છે તેનો ઉપયોગ કરાવે છે. આ એવી એજન્સી છે જેનું કાર્ય જરૂરિયાત ધરાવતા ઉપભોક્તાને યોગ્ય માહિતી યોગ્ય સમયે જરૂરિયાત મુજબના ઉપયોગી સ્વરૂપમાં પૂરી પાડે છે.

માહિતી કેન્દ્રોનું કાર્ય પ્રલેખીય સ્રોતોની વ્યવસ્થા પર કેન્દ્રિત છે, નવા સ્રોત અને અન્ય ડેટાબેઝમાં થતી સંશોધનલક્ષી સામગ્રીનો સંગ્રહ કરે છે. સંશોધન, ઔદ્યોગિક વિકાસ, નિર્ણય ઘડતર, સામાજિક-આર્થિક વિકાસના આયોજન વગેરેમાં રોકાયેલા ઉપભોક્તાઓની વધતી જતી જરૂરિયાતોને પહોંચી વળવા થતી પ્રવૃત્તિના ભાગરૂપે માહિતી સેવા આપે છે. પરિણામ સ્વરૂપે રાષ્ટ્રીય માળખામાં નવા પ્રકારના અનેક માહિતી કેન્દ્રોનો સમાવેશ થયો છે. આધારભૂત માળખું સામાન્યપણે માહિતીના માળખાના સ્વરૂપે ઓળખાય છે, જે માહિતીનું સ્થાન, પ્રાપ્તિ, પ્રક્રિયા, સંગ્રહ, પુનઃપ્રાપ્તિ અને પ્રસાર સાથે સંબંધ ધરાવે છે. આ માળખું માહિતીપધ્ધતિના એકમો (components) નો પણ સમાવેશ કરે છે. દા.ત. વિશિષ્ટ ગ્રંથાલયો, માહિતી પ્રલેખન કેન્દ્રો, પૃથક્કરણ કેન્દ્રો, ડેટા કેન્દ્રો ક્લીયરીંગ હાઉસ વગેરે નો સમાવેશ કરે છે.

આ વિભાગના એકમ 1 માં તમે માહિતી સંસ્થાઓના વિકાસ અને વૃધ્ધિ તેમજ આધુનિક સમાજમાં તેમની ભૂમિકા વિશે શીખ્યા છો. આ એકમમાં, અમે તમને માહિતી કેન્દ્રો દ્વારા ઉપભોક્તાઓને તેમની માહિતી જરૂરિયાતો સંતોષવા માટે અપાતી વિવિધ માહિતી સેવાઓ અને ઉપજોને પણ આવરી લઈશું. ભારત અને અન્ય દેશોમાંના કેટલાક પ્રતિનિધિ માહિતી કેન્દ્રોની પ્રવૃત્તિઓ અને સેવાઓના ટૂંકા વર્ણન સાથે કેટલાક ઉદાહરણો પણ પૂરા પાડીશું.

## 2.2 માહિતી કેન્દ્રો (INFORMATION CENTRES)

ઉપભોક્તાઓ જેવા કે નિર્ણાયકો, ઉદ્યોગ સાહસિકો, વૈજ્ઞાનિકો, ઈજનેરો અને ટેક્નોલોજી ક્ષેત્રની વ્યક્તિઓને ચોક્કસ સ્વરૂપમાં જ્ઞાન અને માહિતી પ્રાપ્ત થવા જોઈએ. આપણે સૌ જાણીએ છીએ કે કોઈપણ રાષ્ટ્રના સામાજીક - આર્થિક વિકાસ માટે વિજ્ઞાન અને ટેક્નોલોજીના સંશોધનોને ઉત્તેજન આપવું ખૂબ જ જરૂરી છે. ખૂબ જ ઝડપથી પ્રસારીત થયેલી માહિતીના મહત્તમ ઉપયોગો દ્વારા તેના લક્ષ્યને પહોંચી શકાય છે. વિકસતા રાષ્ટ્રો વૈજ્ઞાનિક અને તકનીકી માહિતી માટે રાષ્ટ્રીય કક્ષાએ સારા વિકસિત માહિતી માળખાની જરૂરિયાતનો સ્વીકાર કરે છે. આ પ્રકારની જાગરૂકતા દ્વારા રાષ્ટ્રીય આયોજકો અને નીતિ નિર્ણાયકો તેના ભાગરૂપે વિવિધ વિદ્યાશાખાઓમાં રાષ્ટ્રીય, પ્રાદેશિક અને સ્થાનિક માહિતી સેવાઓના આયોજનને પ્રાધાન્યતા આપે છે. તમામ કક્ષાના ઉપભોક્તાઓને માહિતી સેવાઓ પૂરી પાડવા માટે વિવિધ સંસ્થાકીય સ્રોતોની મદદ દ્વારા માહિતીનું માળખું બલવત્તર બને છે. આ વિભાગના એકમ - 1 માં માહિતી કેન્દ્રોનો સમાવેશ કરવામાં આવ્યો છે. માહિતી કેન્દ્રો મહત્ત્વની સંસ્થા તરીકે વૈધિક અને અવૈધિક માહિતીસ્રોતોનો સંગ્રહ કરે છે જેના દ્વારા ઉપભોક્તાઓને જરૂરી એવી માહિતી પૂરી પાડે છે.

### 2.2.1 શરૂઆત (Origin)

જયારથી ગ્રંથાલયો અસ્તિત્વમાં આવ્યા છે ત્યારથી તે તમામ પ્રકારની સામગ્રીનો સંગ્રહ કરી ઉપભોક્તાઓ માટે ઉપલબ્ધ કરાવતા આવ્યા છે. અગાઉ એ સરળ હતું કે ઉપભોક્તાઓનો સમૂહ નાનો હતો અને ગ્રંથપાલો પણ સામાન્યપણે ઉપભોક્તાઓની જરૂરિયાતો જાણતા હતા. છેલ્લા પાંચ દાયકાઓમાં જ્ઞાન વિસ્ફોટને કારણે પ્રકાશિત સાહિત્ય અને માહિતીનો વિપુલ પ્રમાણમાં વધારો થયો છે. જેના કારણે માહિતી સર્જન, વ્યવસ્થા અને ઉપયોગમાં જટિલતા વધી છે. માત્ર પ્રલેખોની લેવડ દેવડ પૂરતી મર્યાદિત પરંપરાગત ગ્રંથાલય સેવાઓમાંથી ગ્રંથાલય સંગ્રહની વિષયવસ્તુના પૃથક્કરણની જરૂરિયાત ઊભી થઈ. સાથે સાથે ગ્રંથાલયો જે પરંપરાગત પ્રલેખોનો સંગ્રહ કરતા હતા તે સિવાયના અનેક પ્રકારના પ્રલેખીય સ્રોતોનો વ્યાપ વધ્યો. પરિણામે પ્રલેખો કરતાં પ્રલેખોમાં રહેલી માહિતી તરફનો ઝોક વધ્યો. ગ્રંથાલયની સેવાઓ પ્રલેખો આધારિત હોય છે અને માહિતી વિવિધ પ્રલેખોમાં વેરવિખેર હોય છે. આ બાબત પર ત્યારે ધ્યાન આપવામાં આવ્યુ જયારે ગ્રંથાલયો તેમના ઉપભોક્તાઓની જરૂરિયાતો પૂરી પાડવામાં સક્ષમ નહોતા. પરિણામે વેરવિખેર માહિતીને હાથ પર લેવા અને સેવા આપવા માટે વિવિધ અભિગમોની જરૂરિયાત અનુભવાઈ. પરિણામ સ્વરૂપે માહિતી કેન્દ્રોની અગત્યતા ઊભી થઈ, જે સંદર્ભ કાર્ય ઉપરાંત ડેટા સંગ્રહ અને પ્રસાર તેમજ પૂછપરછ અને ભૂતકાલીન શોધ ઉપરાંત ફેરબદલ (Switching) અને સંદર્ભકાર્ય પણ હાથ પર લે છે. ઉપભોક્તાઓને યોગ્ય સમયે સંક્ષિપ્ત અને વિશ્વસનીય માહિતી અનુકૂળ હોય તેવા સ્વરૂપમાં પ્રદાન કરવાથી ઓછામાં ઓછા સ્રોતોનો વ્યય થાય છે.

હવે આપણે એ જોઈએ કે માહિતી કેન્દ્રો કઈ રીતે અસ્તિત્વમાં આવ્યા. શિકાગોની જહોન ક્રેરર (John Crerar Library) એ વિશિષ્ટ પ્રકારની ગ્રંથાલય સેવાની જરૂરિયાત પર ભાર મૂકી 1946ની શરૂઆતમાં ઉદ્યોગોને વિવિધ પ્રકારની સેવાઓ આપવા માટે "Research Information Service" નામથી વિભાગ ચાલુ કર્યો. જહોન ક્રેરર લાયબ્રેરીના આ ઉદાહરણ બાદ યુનાઈટેડ સ્ટેટ્સમાં અન્ય ઘણા કેન્દ્રોને દોરવણી મળી. પરિણામે આ કેન્દ્રો "માહિતી કેન્દ્રો" ના નામથી ઓળખાયા.

અહીં એ ધ્યાનમાં લેવું જોઈએ કે વિસ્તૃત અર્થમાં 'માહિતી કેન્દ્ર' અને 'પ્રલેખન કેન્દ્ર' સમાન જ જણાય છે પરંતુ માહિતી કેન્દ્રો સેવાના ભાગરૂપે પ્રલેખમાંથી માહિતી પર ધ્યાન કેન્દ્રિત કરે છે જયારે પ્રલેખન કેન્દ્રની તમામ પ્રવૃત્તિઓ પ્રલેખીય સ્રોતો પર આધારિત હોય છે, આથી બંને વચ્ચેનો સ્પષ્ટ ભેદ જોઈ શકાતો નથી. અને સંપૂર્ણપણે તે કૃત્રિમ જણાય છે. આ બંને પ્રકારના કેન્દ્રોમાં 'માહિતી કેન્દ્ર' પદ માહિતી પર વધારે ભાર મૂકતો હોવાથી તે વધારે યોગ્ય છે, જે માહિતી પૂરી પાડવા પર ભાર મૂકે છે માત્ર પ્રલેખ પર નહીં.

### 2.2.2 વ્યાખ્યા (Defination)

સંસ્થાઓમાં સામાન્ય રીતે માહિતી સેવા એકમો 'માહિતી કેન્દ્રો' અથવા 'માહિતી વિભાગો'નો સંદર્ભ અપાય છે. આ કિસ્સામાં આગળ દર્શાવ્યુ છે તેમ, પરંપરાગત ગ્રંથાલયો સાથે મુખ્યત્વે સંકળાયેલા પ્રલેખો કરતાં પ્રલેખોમાં રજૂ થયેલી માહિતીની જોગવાઈ તરફ વધારે ભાર મૂકવામાં આવે છે. માહિતી કેન્દ્રને આ રીતે વ્યાખ્યાયિત કરી શકાય.

" એવું સંગઠન જે (i) માંગ ઊભી થયે વિશિષ્ટ માહિતીની પસંદગી, પ્રાપ્તિ, સંગ્રહ અને પુનઃપ્રાપ્તિ ; (ii) માહિતીની જાહેરાત (announcement), સાર, સંક્ષેપો અને નિર્દેશિકાઓ (iii) માંગ ઊભી થયે અથવા અપેક્ષાઓ પ્રલેખોમાંની માહિતી પ્રસારિત કરે છે."

'Harrods Librarians Glossary' માહિતી કેન્દ્રની વ્યાખ્યા આ મુજબ આપે છે

"સામાન્ય રીતે વાઙ્મયસૂચિગત કેન્દ્ર, સંશોધન બ્યુરો અથવા પ્રલેખન કેન્દ્રનું કાર્યાલય અથવા વિભાગ જે સંગઠન દ્વારા સુવિધાઓ પૂરી પાડે છે અથવા કેન્દ્ર સાથે સંકળાયેલ છે, જે ગ્રંથો વિશેની અથવા વિષય પરથી માહિતી આપે છે. આ કેન્દ્રના કાર્યો તકનીકી લેખન, નિર્દેશીકરણ, સારકરણ, SDC વગેરે છે જે દરેકનું મહત્ત્વ છે."

માહિતી કેન્દ્રની અગાઉની અન્ય વ્યાખ્યા ગ્રંથાલય કાર્યો સાથે સંબંધિત છે :

- ગ્રંથાલય સાથેનું સંગઠનનું એકમ જે તેનો માતૃસંસ્થાની જવાબદારી નિભાવે છે.
- એવુ સંગઠન જે તેની સેવાઓ માટે કિંમત વસૂલ કરે છે. સહકારી ધોરણે પૂર્ણ કિંમતને આવરી લે છે.
- એવું સંગઠન જે બાહ્ય ઉપભોક્તા સમૂહને માંગ ઊભી થાય ત્યારે માહિતી સેવા પૂરી પાડે છે, જે ગ્રંથાલય સંગ્રહ પર આધારિત છે.

ઉપરની વ્યાખ્યામાં આપણે જોઈએ છીએ કે જેમાં પ્રવૃત્તિઓ અને ઉપજો તેમજ ઉપજોની તૈયારીમાં સમાવિષ્ટ બૌધ્ધિક પ્રયત્નો પર ભાર મૂકવામાં આવ્યો છે. અહી, એ પણ નોંધવું જોઈએ કે પ્રત્યેક વ્યક્તિગત પ્રવૃત્તિ અને ઉપજ આખરે અન્ય પ્રવૃત્તિઓ અને ઉપજો માટેનું નિવેષ (Input) રચે છે. અહીં ગ્રંથાલયો દ્વારા હાથ પર ધરવામાં આવતી પસંદગી અને સંગ્રહ જેવી પ્રવૃત્તિઓ પ્રલેખ આધારિત છે. જ્યારે નિર્દેશીકરણ, સારકરણ અને લેખના સંક્ષેપ જેવી પ્રવૃત્તિઓ ખાસ કરીને માહિતી કેન્દ્રો સાથે સંકળાયેલા છે. આ લક્ષણ માહિતી સંસ્થાઓના અન્ય પ્રકારોથી માહિતી કેન્દ્રને અલગ કરે છે.

◆ **તમારી પ્રગતિ ચકાસો (Self Check Exercise)**

1) માહિતી કેન્દ્રની વ્યાખ્યા આપો

**નોંધ :** (i) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો

(ii) એકમના અંતે આપેલ ઉત્તરો સાથે તમારો ઉત્તર ચકાસો

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

### 2.2.3 ગ્રંથાલયો અને માહિતી કેન્દ્રો (Libraries and Information Centres)

આપણે જાણીએ છીએ તેમ વિશિષ્ટ ગ્રંથાલયો વીસમી સદીની શરૂઆતમાં વિકાસ પામ્યા. માહિતી કેન્દ્રો 1950 થી અસ્તિત્વમાં આવ્યા અને આજે તે માહિતી સંસ્થાઓના મોટા સમૂહ તરીકે વિકાસ પામ્યા છે. જો કે તેના લાક્ષણિક કાર્યો બેવડા હોવા છતાં તેમના દ્વારા અપાતી સેવાઓની કક્ષામાં ભિન્નતા મળે છે. આ રીતે સ્પષ્ટ થાય છે કે ગ્રંથાલયો પરંપરાગત રીતે વિજ્ઞાન અને વૈજ્ઞાનિક વિચારધારા વિશેના પ્રલેખોનો સંગ્રહ અને પ્રસાર કરે છે. જ્યારે માહિતી કેન્દ્ર ઉપભોક્તા માટે સંગ્રહિત સામગ્રીના સંગ્રહની સાથે સાથે અર્થઘટન પણ કરે છે.

વિશિષ્ટ ગ્રંથાલયની વિભાવના વૈજ્ઞાનિક અને ટેક્નોલોજીના સમુદાય દ્વારા માંગવામાં આવેલી આપોઆપ થયેલી પ્રક્રિયા સિવાયની વધારે પ્રક્રિયા કરેલી માહિતી સાથે સંકળાયેલ છે. બીજી બાજુ માહિતી કેન્દ્ર એ વિશિષ્ટ ગ્રંથાલયોની ભૂમિકા ભજવતા નથી પરંતુ તેમના સ્રોતો સાથે તેમની ખરેખરી જરૂરિયાત જોડાયેલી છે. બીજા શબ્દોનાં માહિતી કેન્દ્ર તેના પ્રયત્નોની શરૂઆતમાં પરંપરાગત ગ્રંથાલયની વધતી ઓછી સુવિધા વિના અસ્તિત્વ ધરાવતા હોતા નથી.

માહિતી કેન્દ્રો અને મોટાભાગના વિશિષ્ટ ગ્રંથાલયો વચ્ચેનો તફાવત એ બંને દ્વારા પૂરી પાડવામાં આવતી સંયોજન કરવામાં આવતી સેવાઓના પ્રમાણ અનુસાર જોઈ શકાય છે. આ સંસ્થાઓ દ્વારા હાલ આપવામાં આવતી સેવાઓના ત્રણ કાર્યાન્વિત સ્તર છે.

**પાયાના સ્તરે** વિશિષ્ટ ગ્રંથાલયો તેમના દ્વારા પ્રાપ્ત થયેલ સામગ્રીઓ અને માહિતીનો પ્રસાર કરે છે, સંદર્ભ પૂછપરછના ઉત્તરો આપે છે. ઉપભોક્તાઓને યોગ્ય માહિતીસ્રોતોમાંથી સંશોધન માટેની વિગતવાર જરૂરિયાત પૂરી પાડે છે, તેમજ ઉભોક્તાઓને ચોક્કસ વિદ્યાશાખામાં અદ્યતન વિકાસથી જાણકાર રાખવા સામયિક સાહિત્યનો ઉપયોગ કરાવે છે.

**મધ્યમ સ્તરે** વિશિષ્ટ ગ્રંથાલયો અથવા માહિતી કેન્દ્ર વિશિષ્ટ વિષયક્ષેત્રોમાંના જટિલ સાહિત્યની શોધ પૂરી પાડે છે. મહત્વના સાહિત્યના વાઙ્મયસૂચિગત સંકલન દ્વારા ભૂતકાલિન શોધ પૂરી પાડે છે. ઉપભોક્તાઓ દ્વારા માંગને ધ્યાન રાખીને સામગ્રી પસંદ કરે છે અથવા પ્રાપ્ત કરે છે અથવા માંગ પૂરી પાડે છે. વિશિષ્ટ વિદ્યાશાખામાં અદ્યતન અવબોધન સેવા પૂરી પાડે છે. નવી ઉપજો / પ્રકાશનો તૈયાર કરે છે અથવા ઉપભોક્તાોને વ્યક્તિગત/સમૂહની વિશિષ્ટ પ્રોફાઈલ ને આધારે પસંદગીયુક્ત માહિતીસેવા પૂરી પાડે છે. છેલ્લે.

**ઉચ્ચ સ્તરે** : માહિતી કેન્દ્ર માહિતીના પૃથક્કરણ, સંયોજન અને મૂલ્યાંકનને આવરી લેતી અને ઉપભોક્તાઓની જરૂરિયાત મુજબના સ્વરૂપમાં રજૂ કરતી માહિતી દઢીકરણ અને પુનઃસંગઠન જેવી ઉચ્ચ સ્તરની વિશિષ્ટ સેવાઓ પૂરી પાડે છે. આ સેવાઓનો વિસ્તાર વિવિધ પ્રકારના માહિતી કેન્દ્રો જેવા કે ડેટાકેન્દ્રો, માહિતી પૃથ્થકરણ કેન્દ્રો વગેરેના સ્વરૂપ પર આધારિત છે, જે આ વિભાગના હવે પછીના એકમો સાથે સંબંધ ધરાવે છે. ઉચ્ચ સ્તરની માહિતી સેવાઓ માટે વિષય તજજ્ઞતા, તકનીકી લેખન અને પ્રત્યાયયનની કુશળતા ધરાવતા કર્મચારીઓની સંખ્યા તેમજ સામગ્રીની પ્રાપ્તિ અને વ્યવસ્થા પર આધારિત છે. આ સિવાય બે પ્રકારના આ માહિતી સંગઠનો વચ્ચેનો મૂળભૂત તફાવત એ છે કે વિશિષ્ટ ગ્રંથાલય માત્ર તેની માતૃસંસ્થાના કર્મચારીઓને સેવાઓ પૂરી પાડે છે જ્યારે માહિતી કેન્દ્ર સમાન વિષય રસ ધરાવતા મોટી સંખ્યાના ઉપભોક્તાઓને પણ સેવાઓ આપે છે.

ઉપરની ચર્ચા સ્પષ્ટ કરે છે કે માહિતી કેન્દ્ર એ ગ્રંથાલય કરતાં નીચેની બાબતોથી જુદા પાડી શકે :

- ઉપભોક્તાઓની સંખ્યાનું પ્રમાણ, જેનાથી કર્મચારીઓ દ્વારા માહિતીની શોધ અને મૂલ્યાંકન કરવાના પ્રયત્નો કરવા.
- માલિકીનું મૂલ્યાંકન અને વિવેકબુધ્ધિનો પ્રયોગ કરવો, જ્યારે ઉપભોક્તાઓની માંગ માહિતી / સામગ્રીની પુનઃપ્રાપ્તિ સંબંધી હોય.
- ગ્રંથાલયોમાં માહિતી ધરાવતા પ્રલેખો પૂરા પાડવામાં આવે છે તેના કરતાં માત્ર માહિતી પૂરી કરવી.
- વિવિધ પ્રકારની શોધ ઉપજોમાં શોધ પ્રક્રિયા કરવી.
- માત્ર સંગઠનના કર્મચારીઓ જ નહીં પરંતુ સંગઠન સિવાયના ઉપભોક્તાઓને પણ માહિતી પૂરી પાડવી.
- માત્ર માહિતીની ઓળખ, પ્રાપ્તિ, પ્રક્રિયા, સંગ્રહ અને પુનઃપ્રાપ્તિ જ નહીં (જે ગ્રંથાલયના કાર્યો છે) પરંતુ ઉપભોક્તાઓની જરૂરિયાત પ્રમાણે માહિતી / ડેટાને ટુંકાવી, પૃથક્કરણ કરી યોગ્ય સ્વરૂપમાં પણ રજૂ કરવા.

ઉપર દર્શાવેલા મુદ્દાઓ સ્પષ્ટ કરે છે કે ગ્રંથાલય માહિતી રજૂ કરતા પ્રલેખનું સ્થાન દર્શાવવાના અને પૂરા પાડવાના કાર્યનો સમાવેશ કરે છે પરંતુ માહિતી કેન્દ્ર અને ગ્રંથાલયો વચ્ચેના સંબંધ સ્પષ્ટ કરતી તરફેણ અને વિરુદ્ધની અનેક દલીલો દર્શાવી શકાય. કેટલાક માહિતી વિશેષજ્ઞો અનુભવે છે કે ગ્રંથાલય સેવાઓ

(વિશિષ્ટ ગ્રંથાલયોની)માં માહિતી સેવાઓનો સમાવેશ થાય છે જ્યારે બીજા કેટલાક દલીલ કરે છે કે ગ્રંથાલયસેવાઓ સંપૂર્ણપણે માહિતીસેવાઓ કરતા જુદી છે અને પ્રત્યેકને અલગ રીતે દર્શાવી શકાય છે, જો કે આપણે માહિતી કેન્દ્રોને એવા સંગઠન તરીકે સ્વીકારીએ છીએ કે જે વિશિષ્ટ ગ્રંથાલયોનું વિસ્તૃત સ્વરૂપ છે, જે કેટલાક ફેરફારો સાથે અનેક ગ્રંથાલય પ્રક્રિયાઓ અને કાર્યોને દર્શાવે છે જે સેવાના એકમ તરીકે માહિતીને હાથ પર લે છે અને વિશિષ્ટ ઉપભોક્તાઓની વિવિધ જરૂરિયાતોને સંતોષે છે.

### 2.2.4. માહિતી કેન્દ્રોની જરૂરિયાતો (Need For Information Centres)

આગળના પરિચ્છેદમાં આપણે શીખી ગયા કે માહિતી કેન્દ્રો ગ્રંથાલયો કે જે તેમાંથી ઉભરી આવેલ છે. ગ્રંથો, સામયિકો અને અન્ય પ્રકારની વાચનસામગ્રી ધરાવે છે. ગ્રંથાલયના સંગ્રહનું કદ અને પ્રાપ્ત પ્રલેખોની વિવિધતાને લીધે તેનું સંચાલન અઘરું બને છે. તેમજ તેમાંથી કોઈ ઉત્પાદકીય વસ્તુ બહાર લાવી શકાતી નથી. આ બાબતોને કારણે વિશિષ્ટ પ્રકારની સેવાઓ શરૂ થઈ જેથી સ્રોતોનો મહત્તમ ઉપયોગ થઈ શકે. માહિતી કેન્દ્રની સ્થાપના માટેના કેટલાંક કારણો આ મુજબ છે.

- માહિતી સ્રોતોના જથ્થામાં અને વિવિધતામાં વધારો ;
- પ્રલેખોની વધતી જતી કિંમત ;
- પ્રલેખો કરતાં પ્રલેખોમાં સમાવિષ્ટ માહિતીને સેવામાં પ્રાધાન્યતા ;
- ઉપભોક્તાઓની માહિતી જરૂરિયાતોની બદલાતી જટિલતાને પહોંચી વળવા ;
- વિવિધ વિષયક્ષેત્રોના વિકાસને પહોંચી વળવા ;
- સંચાલકો, વૈજ્ઞાનિકો, સંશોધન અને વિકાસ ક્ષેત્રની વ્યક્તિઓ, આયોજકો અને નીતિનિર્ધારકો દ્વારા લેવામાં આવતા નિર્ણયોમાં સુધારો લાવવા.
- પ્રદેશો, વિષય અથવા અન્ય રીતે સ્રોતસામગ્રીની હિસ્સેદારી અને નેટવર્કીંગ પ્રવૃત્તિઓના ભાગ બનવા માટે
- નવા પ્રકાશકો, માહિતી સેવાઓ અને ડેટાબેઝની પ્રાપ્તિ માટે ;
- બેવડાતા પ્રયત્નોને દૂર કરવા માટે ;
- ઉપભોક્તાઓની વિશિષ્ટ જરૂરિયાતોને ધ્યાનમાં રાખી માહિતીના ચોક્કસાઈપૂર્વકનું મૂલ્યાંકન, પૃથક્કરણ, દઢીકરણ અને પુનઃગઠન માટેની જરૂરિયાત.

આ પરથી આપણે જોઈ શકીએ છીએ કે ગ્રંથાલયો એ પ્રલેખો પૂરા પાડવા સાથે સંબંધ ધરાવતા હતા જ્યારે માહિતી કેન્દ્રો પ્રલેખોની અંદર શું સમાવિષ્ટ છે તેની સાથે મુખ્ય સંબંધ ધરાવે છે.

◆ **તમારી પ્રગતિ ચકાસો (Self Check Exercises)**

(2) વિશિષ્ટ ગ્રંથાલયો અને માહિતી કેન્દ્રો વચ્ચેનો સંબંધ સ્પષ્ટ કરો.

(3) માહિતી કેન્દ્રોની જરૂરિયાત માટેના કેટલાક કારણો દર્શાવો

**નોંધ :** (i) નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તરો લખો

(ii) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારા ઉત્તરો ચકાસો.

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

## 2.3 માહિતી કેન્દ્રો : પ્રકારો (INFORMATION CENTRES : TYPES)

આગળ ચર્ચા કરી છે કે તે મુજબ, માહિતી એકમો માહિતીના સંરક્ષણ અને પ્રલેખન સાથે સંબંધ ધરાવે છે તેમજ તેમની પ્રવૃત્તિઓનો વિસ્તાર પાયાના ગ્રંથાલય કાર્યોથી શરૂ કરી વિષયવસ્તુ વર્ણન તેમજ ડેટા અને માહિતી પૃથક્કરણ દ્વારા માહિતી પ્રસાર અને ઉપયોગ સુધી વિસ્તરાય છે. આ પરિચ્છેદમાં કેટલાંક વિસ્તૃત જૂથ હેઠળ માહિતી કેન્દ્રોના પ્રકારોની ચર્ચા કરી છે.

આ જૂથ રચના સાથે વિવિધ મતો/દૃષ્ટિકોણ હોઈ શકે છે. ખાનગી એજન્સીની માલિકી ધરાવતા સંગઠન વિશિષ્ટ અથવા સામાન્ય સેવાઓ પૂરી પાડે છે અથવા તો સ્થાનિક કે રાષ્ટ્રીય કક્ષાની સરકારી એજન્સી વિશિષ્ટ સેવાઓ પૂરી પાડે છે. હવે આપણે વિવિધ પ્રકારના માહિતી / પ્રલેખનકેન્દ્રોનું ટૂંકમાં વર્તન જોઈશું. અહીં એ નોંધવું જોઈએ કે નીચે ચર્ચવામાં આવેલા વિવિધ શ્રેણીઓના માહિતી કેન્દ્રોના કાર્યો અસરપરસ બેવડાતા જોવા મળે છે. પ્રત્યેક શ્રેણીમાં યોગ્ય ઉદાહરણો પણ આપવામાં આવ્યા છે અને એક જ ઉદાહરણ માહિતી કેન્દ્રોની એક કરતા વધારે શ્રેણીઓ માટે સેવાઓ આપતા જોઈ શકાય છે.

### 2.3.1 વિશિષ્ટ રસ અનુસાર (By Specialised Interest)

આ શ્રેણી હેઠળ આવતા માહિતી કેન્દ્રો એવી સંસ્થાઓ છે કે જે સંશોધનના વિવિધ વિષયક્ષેત્રોમાંના વિશેષજ્ઞો, ધ્યેયલક્ષી પ્રકલ્પ (Project) વિશિષ્ટ પ્રકારની માહિતી અથવા ચોક્કસ ક્ષેત્રની માહિતી પૂરી પાડે છે.

**(1) વિષય ક્ષેત્ર** - એવા માહિતી કેન્દ્રો જે વિજ્ઞાન ટેક્નોલોજી, સામાજીક વિજ્ઞાનો, ઈજનેરી, કૃષિ વગેરે વિષયોને સમર્પિત હોય.

**ઉદાહરણો :**

વિજ્ઞાન અને ટેક્નોલોજી - National Institute of Science Communications and Information Resources (NISCAIR), New Delhi.

સામાજિક વિજ્ઞાનો - National Social science Documentation Centre (NASSDOC), New Delhi.

**b) ધ્યેયલક્ષી :** એવા માહિતી કેન્દ્રો જે રાષ્ટ્રીય અર્થશાસ્ત્રના ધ્યેયો, વિભાગો વગેરેને સમર્પિત હોય

**ઉદાહરણો :**

**કૃષિ** - Agriculture Research Information Centre, Indian Central of Agriculture Research, New Delhi.

**પર્યાવરણ** - Environmental Information Centre, Federation of Indian Chambers of Commarce and Industry, New Delhi.

**C) માહિતીના પ્રકારો** - એવા માહિતી કેન્દ્રો જે ઔદ્યોગિક માહિતી, વાઙ્મયસૂચિગત, માહિતી, સંચાલન માહિતી જેવી ચોક્કસ પ્રકારની માહિતી સાથે સંબંધ ધરાવતા હોય.

**ઉદાહરણો** :

**ઔદ્યોગિક માહિતી** - Small Enterprises National Documentation Centre (SENDOC), Hyderabad.

**સંચાલન માહિતી** - National Information Centre, New Delhi.

**વાકમયસૂચિગત માહિતી** - National Social Science documentation Centre (NASSDOC), New Delhi and National Institute of Science Communications and Information Resources (NISCAIR), New Delhi.

**D) ભૌગોલિક ક્ષેત્ર** - ચોક્કસ ભૌગોલિક ક્ષેત્ર સાથે સંબંધિત માહિતી કેન્દ્રો

**ઉદાહરણો** :

Japan Information Centre of Science and Technology, Tokyo, Japan

European Translation Centre (ETC), Delft, Netherlands.

**2.3.2 : માલિકીપણા અનુસાર (By Ownership)**

માલિકીપણું ધરાવતા માહિતી કેન્દ્રોમાં એવી સંસ્થાઓનો સમાવેશ થાય છે જેમાં માલિકીપણું હોય, સરકારી એજન્સીઓ અથવા વિદ્વત સંગઠનો અથવા વ્યવસાયિક મંડળો અથવા એજન્સીઓ દ્વારા નાણાં પૂરા પાડવામાં આવતા હોય અને ચલાવવામાં આવતા હોય.

**(A) સરકારી માહિતી કેન્દ્રો**

ઉદાહરણો :

National Information Centre (NIC), New Delhi.

National Social Science Documentation Centre (NASSDOC), New Delhi.

National Institute of Science Communication and Information Resources (NISCAIR), New Delhi.

**(B) અંશતઃ સરકારી માહિતી કેન્દ્રો**

ઉદાહરણો :

National Centre for science Information (University Grants Commision), Indian Institute of Science Campus, Banglore.

**C) સ્વૈચ્છિક સંગઠનો (NGOS) ના માહિતી કેન્દ્રો**

ઉદાહરણો :

International Development Reasearch Centre (IDRC) Library, Canada.

UNESCO Social and Human Sciences Documentation Centre, Paris, France.

Asia Regional Information Centre (ARIC), Asian Development Bank (ADB), Manila, Philippines.

**(D) ખાનગી માહિતી કેન્દ્રો**

ઉદાહરણો :

Farmers' Information Centre (Maroochy Horticultural Research Station), Nambour, Austrelia.

Documentation and Information Centre, TERI library, TERI, New Delhi.

**(E) આંતરરાષ્ટ્રીય માહિતી કેન્દ્રો**

ઉદાહરણો :

Trade Information Services, International Trade Centre (UNCTAD/WTO), Geneva.

International Patent Documentation Centre (INPADOC), European Patent Office, Munich.

Information - International Information Centre For Technology, Vienna.

**2.3.3 સેવાના સ્તર અનુસાર (By Leval of Services)**

ઘણા માહિતી કેન્દ્રો વિવિધ સ્તરે કાર્યરત હોય છે જે આંતરરાષ્ટ્રીય કે વૈશ્વિક, પ્રાદેશિક, રાષ્ટ્રીય અથવા સ્થાનિક હોઈ શકે છે.

**(a) વૈશ્વિક / આંતરરાષ્ટ્રીય માહિતી પધ્ધતિઓ / કેન્દ્રો**

- આ કેન્દ્રો સામાન્ય રીતે વિકેન્દ્રીત નિવેશ (Input) કેન્દ્રિય પ્રક્રિયા અને વિકેન્દ્રિત પ્રસાર અથવા માહિતીનું Output ધરાવતા હોય છે.

**ઉદાહરણો** :

AGRIS / CARIS International Information System for the Agriculture Sciences and Technology, FAO, ROME.

Infoterm - International Information Centre For Terminology, Vienna.

International Serials Data System (ISDS), Paris.

**(b) પ્રાદેશિક માહિતી કેન્દ્રો**

- પ્રાદેશિક કક્ષાની માહિતી પ્રવૃત્તિઓને આવરી લેવા માટે ભૌગોલિક વિસ્તાર ધરાવતા વિવિધ દેશો ભેગા મળે છે.

**ઉદાહરણો** :

SAARC Documentation Centre, New Delhi.

Pan Africans Developmet Information System, (PADIS), The Economic Commision for Africa

(ECA), Addis Ababa, Ethiopia.

**(c) રાષ્ટ્રીય માહિતી કેન્દ્રો**

આ એવા માહિતી કેન્દ્રો છે જે રાષ્ટ્રની સરકાર દ્વારા સ્થપાય છે અને રાષ્ટ્રીય સ્તરે તે કાર્ય કરે છે. રાષ્ટ્રીય માહિતી કેન્દ્રો રાષ્ટ્રીય સ્તરે કાર્યો, પ્રવૃત્તિઓ અને સેવાઓ કરે છે.

**ઉદાહરણો** :

The National Documentation Centre, Bangkok, Thailand,

National Centre For Scientific and Technological Information and Documentation (NACESTID), Ministry or Science, Technology and Enviroment, Hanoi, Vietnam.

Bangladesh National Scientific Documentation Centre (BANSDOC), Dhaka, Bangladesh.

National Social Science Documentation Centre (NASSDOC), New Delhi.

National Institute of science Communication and Information Resources (NISCAIR), New Delhi.

**(d) પ્રાદેશિક માહિતી કેન્દ્રો (દેશની અંદરના)** : સામાન્યપણે આ કેન્દ્રો વિસ્તૃત ભૌગોલિક ક્ષેત્ર ધરાવતા દેશોમાં સ્થાપવામાં આવે છે. પ્રાદેશિક કેન્દ્રો વિવિધ પ્રદેશોમાં ઉપભોક્તાઓને માહિતી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે સ્થાપવામાં આવે છે.

**(e) વિભાગીય માહિતી કેન્દ્રો**

- આ શ્રેણીમાં આવતા માહિતી કેન્દ્રો વિશિષ્ટ વિદ્યાશાખા અથવા વિષયક્ષેત્રને સમર્પિત હોય છે. ઉપભોકતાઓને તે રાષ્ટ્રીય કક્ષાએ સેવાઓ આપે છે તેમજ સંબંધિત વિદ્યાશાખા અથવા ધ્યેય સાથે સંકળાયેલી સંસ્થા સાથે જોડાયેલા હોય છે.

**ઉદાહરણો** :

National Information Centre For Marine Sciences (NICMAS), National Institute of Oceanography, Goa, India.

Biotechnology Intermation Centre, Centre of Advanced Study in Marine Biology, Annamalai University, Parangipettai, Tamilnadu.

National Information Centre for Food Science and Technology, CETRI, Mysore, India.

Pollution Prerention Regional Information Centre,

Nebraska Bussiness Development Centre (NBDC)

The University of Nebraska Omaha (UNO)

**(F) સ્થાનિક માહિતી કેન્દ્રો :-**

- આ કેન્દ્રો સ્થાનિક કક્ષાના ચોક્કસ સંગઠનો સાથે જોડાયેલા હોય છે, જે તેમની વિશિષ્ટ માહિતી પૂરી પાડે છે.

**ઉદાહરણો** :

Information Centre, United Riceland ltd. Kurukshetra, India.

Business Information Centre, Transport Corporation of India Ltd. Gurgaon, India.

Biotechnology Information Centre, Annamalai University, Parangipellai, Tamilnadu.

**2.3.4 - પૂરી પાડવામાં આવતી વિવિધ સેવાઓ અનુસાર : (By Variety of Services Provided)**

માહિતી કેન્દ્રોને તેમના ઉપભોક્તાઓને વિવિધ સેવાઓ પૂરી પાડતી શ્રેણીઓમાં પણ વહેંચવામાં આવે છે. સામાન્યપણે આ કેન્દ્રો કેટલીંક વિશિષ્ટ સેવાઓ પૂરી પાડે છે, જે

(a) અદ્યતન અવલોકન સેવાઓ :

(b) સારકરણ અને સંક્ષેપ સેવાઓ

(c) ઉપજ માહિતી સેવાઓ

(d) ડેટાબેંક

**ઉદાહરણો** :

National Social Science Documentation Centre (NASSDOC), New Delhi

National Institute of Science Communication and Information Resources (NISCAIR), New Delhi.

Small Enterprises National Documentation Centre (SENDOC), Hydrabad.

**2.3.5 સામગ્રીના પ્રકારો અનુસાર : (By Types Of Matirial)**

કેટલાક માહિતી કેન્દ્રો પેટન્ટ્સ, માનકો વગેરે પ્રકારની વિશિષ્ટ સામગ્રી પૂરી પાડે છે. તેમના દ્વારા પૂરી પાડવામાં આવતી સામગ્રીના પ્રકારો મુજબ તેમને વહેંચવામાં આવે છે.

**ઉદાહરણો** :

**International Parent Documentation Centre (INPADOC), European Patent Office, Munich**

**International Development Research Centre**

**(IDRC) Library, Canada.**

**2.3.6 - ઉપભોક્તાઓને અપાતી સેવાઓ અનુસાર : (By Services in Terms of Users)**

આપણે જાણીએ છીએ કે, આજના સમયમાં માહિતી સંગઠનોના ઉપભોક્તાઓની સંખ્યા અને વિવિધતામાં વધારો થતો રહયો છે. ઉપભોક્તાઓને તેમની માહિતી જરૂરિયાતો, જેવી કે સંશોધન, અભ્યાસ, વૈજ્ઞાનિક કાર્યો, વ્યાપારી ઉપજોની વેચાણકલા વગેરે, આયોજન,

નીતિનિર્ધારણ, નિર્ણય ઘડતર અને અન્ય રોજબરોજની અનેક પ્રવૃત્તિઓ અનુસાર વિવિધ જૂથોમાં વહેંચવામાં આવે છે. ઉપભોક્તાઓની શ્રેણી વિસ્તૃત છે જે વૈજ્ઞાનિકો, સંશોધન અને વિકાસલક્ષી, ઉપભોક્તાઓ, ઔદ્યોગિક ઉપભોક્તાઓ, સરકારી કર્મચારીઓ, સંચાલન વ્યાવસાયિક, વેચાણ વ્યાવસાયિકો અને અન્યનો સમાવેશ કરે છે.

ઉપર દર્શાવેલી ઉપભોક્તાઓની વિશિષ્ટ શ્રેણીઓને તેમજ આ ઉપભોક્તાઓની વિશિષ્ટ જરૂરિયાતોને ધ્યાનમાં લઈ સેવા પૂરી પાડતી આ સંસ્થાઓ છે. આજની આધુનિક ટેક્નોલોજીના લાભને કારણે આવા માહિતી કેન્દ્રોની સંખ્યામાં ક્રમશઃ વધારો થતો જાય છે.

સમગ્ર વિશ્વમાં ઉપભોક્તાઓની વિશિષ્ટ જરૂરિયાતોને સંતોષવા આ પ્રકારના માહિતી કેન્દ્રોના સો જેટલા ઉદાહરણો દર્શાવી શકાય. આપણા દેશમાં આવા કેન્દ્રોના કેટલાક ઉદાહરણો નીચે મુજબ છે :

**વૈજ્ઞાનિક અને ટેક્નોલોજીના ઉપભોક્તાઓ :**

**Institute of Science Communication and Information Resources (NISCAIR), New Delhi And National Centre of Science Information (University Grants Commission) Indian Institute of Science Campus, Banglore.**

- સરકારી કર્મચારી **National Informatics Centre, New Delhi**
- ઔદ્યોગિક કારીગરો **Small Enterprise National Documentation Centre (SENDOC), Hyderabad.**
- કૃષિકારો-**Agriculture Research Information Centre, Indian Council of Agcriculure Research, New Delhi**

**તમારી પ્રગતિ ચકાસો (Self Check Exercises)**

(4) માહિતી કેન્દ્રોની વિવિધ શ્રેણીઓના નામ આપો

(5) માહિતી કેન્દ્રોના કાર્યો માટેની વિવિધ કક્ષાઓ કઈ છે ?

(6) ઉપભોક્તાઓને અનુલક્ષીને સેવા પૂરી પાડતા માહિતી કેન્દ્રોના ઉદાહરણો આપો.

**નોધ :** (I) નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તરો લખો.

(II) એકમ અંતે આપેલા ઉત્તરો સાથે તમારા ઉત્તરો ચકાસો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## 2.4 માહિતી કેન્દ્રોનું સંગઠન (ORIGASATION OF INFORMATION CENTRES)

માહિતી કેન્દ્રોના સંગઠનના વિવિધ પ્રકારના નમૂના મુજબ માહિતી કેન્દ્રો કાર્યરત હોય છે, જેમાં માહિતીની વિપુલતા સાથે કાર્યરત, માહિતી કેન્દ્રની કક્ષા, જે તે સંગઠન સાથે માહિતી કેન્દ્રની સ્થિતિ અને ઉપભોક્તાઓના પ્રકાર મુજબની સેવાઓને ધ્યાનમાં લેવાય છે.

સ્થાનિક સ્તરના માહિતી કેન્દ્રો વિવિધ સંગઠનો જેવા કે સંશોધન અને વિકાસ સંસ્થાઓ, વ્યાપારી ગૃહો, ઔદ્યોગિક એકમો, સરકારી વિભાગો વગેરે સાથે જોડાયેલો હોય છે, જે તેમના માતૃસંગઠનો દ્વારા સ્થપાયેલા અને વ્યવસ્થાકીય રીતે જોડાયેલા હોય છે. રાષ્ટ્રીય સ્તરના રાષ્ટ્રીય માહિતી કેન્દ્રની સ્થાપના અને વ્યવસ્થાપકીય જવાબદારી જે તે સરકારી એજન્સીની હોય છે.

દેશોમાં જ્યાં સરકારી નાણાંની સહાયતાથી સંશોધન અને વિકાસના પ્રયત્નો થતા હોય છે ત્યાં

સામાન્ય રીતે માહિતી કેન્દ્રો સરકારી વિભાગોમાં સ્થપાયેલ હોય છે. વિવિધ રાષ્ટ્રીય કક્ષાના સંગઠનના નમૂના મુજબના માહિતી કેન્દ્રો હોય છે.

**કાર્યાત્મક સંગઠન (Functional Organisation)**

મોટાભાગના સંગઠનોમાં પ્રલેખોની પસંદગી અને પ્રાપ્તિ, પ્રક્રિયા અને પ્રલેખોનો સંગ્રહ તેમજ પરંપરાગત સેવાઓની જવાબદારી સામાન્યપણે ગ્રંથાલયની છે. જે સામાન્યતઃ કેન્દ્રો કરતા અલગ સ્થાન ધરાવે છે. તેથી માહિતી કેન્દ્રોની જવાબદારી માહિતીની પ્રક્રિયા અને આપવામાં આવતી માહિતી સેવાઓની હશે તેથી માહિતી કેન્દ્રોનું કાર્ય કામગીરીને આધારે ગોઠવાયેલું રહેશે. નીચે દર્શાવ્યા મુજબના કેટલાક ક્ષેત્રોમાં કામગીરી ગોઠવાયેલી રહેશે :

**2.4.1 પ્રવૃત્તિનાં ક્ષેત્રો (Areas of activity)**

માહિતી કેન્દ્રોની પ્રવૃત્તિના ક્ષેત્રોને મુખ્ય ત્રણ પાસાંઓમાં વહેંચી શકાય. જેમાં :

(1) સંચાલન અને વ્યવસ્થાકીય સેવાઓ ;

(2) આંતરિક સેવાઓ ;

(3) બાહ્ય ઉપભોક્તા સેવાઓ. ;

હવે આપણે માહિતી કેન્દ્રોની વિવિધ પ્રવૃત્તિઓના સંગઠનનો વિગતે અભ્યાસ કરીએ.

**(I) સંચાલન અને વ્યવસ્થાકીય સેવાઓ (Management and Administrative Services)**

સંચાલન અને વ્યવસ્થાકીય સેવાઓમાં વિકાસ અને અમલના આયોજનો, નીતિઓ તેમજ સંગઠનોના સમગ્ર હેતુઓ સાથે જોડાયેલા માનકોનો સમાવેશ કરવામાં આવે છે. તે બદલાતી જરૂરિયાતોને પહોંચી વળવા માટે અને વિકાસને ધ્યાનમાં લઈ તાત્કાલીન પરિસ્થિતિને પહોંચી વળવા માટે ભલામણ કરેલી ઉચ્ચ કક્ષાના સંચાલનની નીતિઓનો પણ સમાવેશ કરે છે. કેન્દ્રના સંચાલન સ્તરે સંગઠનની નીતિઓ અને પ્રક્રિયા મુજબ કર્મચારી સભ્યોને માર્ગદર્શન પૂરું પાડે છે. સંચાલન સ્તરે સમસ્યાના ક્ષેત્રોની ઓળખ અને પૃથક્કરણ, કાર્યમાત્રા અને સરળ અભ્યાસો, પત્રકોની જાળવણી અને આંકડાઓના સંકલનને પણ સંચાલન અભ્યાસો આવરી લે છે. વ્યવસ્થાકીય સ્તરે જરૂરિયાત મુજબ વ્યવસાયિક અને બિન - વ્યવસાયિક કર્મચારીઓની નિમણૂંક, જરૂરી કુશળતા સાથેના ઉચ્ચક વેતનના કર્મચારીઓ રાખવા વગેરે જવાબદારી રહે છે. વ્યવસ્થાપકે તેમના કર્મચારીઓના કાર્યનું નિરીક્ષણ કરવું જોઇએ અને તેમના માટે કાર્ય અંગેની સૂચના સામગ્રી કર્મચારીઓ તેમજ માર્ગદર્શિકાઓ તૈયાર કરવી જોઈએ અને વિકસાવવી જોઈએ, અન્ય ઘણું મહત્વનું અને મોટેભાગે જે પાસાની ઉપેક્ષા થતી હોય છે. તે લોકો સાથેના સંબંધો જાળવવાનું કાર્ય છે. ઉપભોક્તાઓ, ઉચ્ચ સંચાલકો અને માહિતીના બાહ્ય સ્રોતો અદ્યતન બાબતો કઈ છે અને તેના હેતુઓ કયા છે. તે ધ્યાનમાં રાખી માહિતી કેન્દ્રોના લક્ષ્યોને જાળવી રાખે છે. તે માહિતીના પ્રસારક કરતાં સંગ્રાહક વધારે બની રહેશે.

**(II) આંતરિક કાર્ય સેવાઓ (Internal Operating Services)**

માહિતી કેન્દ્રની આંતરિક કાર્ય સેવાઓને મુખ્ય ચાર ક્ષેત્રોમાં વિભાજીત કરી શકાય છે. સામગ્રીની પ્રાપ્તિ અને નિકાલ, માહિતીનું સૂચિકરણ અને વર્ગીકરણ, સામગ્રીને ભૌતિક રીતે ઉપયોગ કરવા માટે તૈયાર કરવી અને ડેટાનું પૃથક્કરણ. ગ્રંથો, સામયિકોને, અહેવાલો, નકશાઓ, પેટન્ટ તેમજ અન્ય સંગ્રહની પસંદગી કર્મચારી સભ્યો ઉપર ન છોડી દેતા માહિતી કેન્દ્રોના ઉચ્ચકક્ષાના અધિકારોઓ, વૈજ્ઞાનિકો, અગ્રણી ઉપભોક્તાઓ અને અન્ય વિશેષજ્ઞોના જ્ઞાન અને સૂચનોને ધ્યાનમાં લઈ કરવી જોઈએ.

સારું માલિકી કેન્દ્ર ભેટ મળતી સામગ્રીની પસંદગી અને પ્રાપ્તિમાં વિશેષ ધ્યાન રાખે છે જેથી સામગ્રીને દૂર કરી શકાય કે બદલી શકાય. સતત બદલાતી જરૂરિયાતની સાથે પ્રાપ્તિ અને વિણામણ(**Weedingout**) પ્રક્રિયા પણ બદલાતી રહે છે.

સૂચિકરણ, વર્ગીકરણ અને નિર્દેશીકરણ પ્રક્રિયાઓએ વ્યાવસાયિક કાર્ય છે જેને માટે વિશિષ્ટ તકનીકી જ્ઞાનની જરૂર રહે છે. એકવાર જે વર્ગીકરણ પધ્ધતિ નિશ્ચિત કરવામાં આવે છે તે યોગ્ય રીતે વિકસે, વ્યાપ વિસ્તરે અને બદલાતી જરૂરિયાતોને પહોંચી વળવા નિયમિતપણે સંવર્ધિત થાય તેવી હોવી જોઈએ. આ જ રીતે સૂચિકરણમાં પ્રત્યેક સામગ્રી માટે સ્વીકારાયેલ વાઙ્મયસૂચિગત નોંધનું માળખુ તેમજ મુખ્ય સૂચિ ફાઈલ / ડેટાબેઝની નોંધ માટેનાં ડેટા અસરકારક કામગીરી માટે પ્રત્યેક પ્રકાશક અને વિશિષ્ટ ખાસિયતોને દર્શાવતા હોય તે જરૂરી છે. નિર્દેશીકરણ માટે યોગ્ય નિર્દેશીકરણ પધ્ધતિ અમલમાં લેવી જરૂરી છે. વિકલ્પરૂપે માહિતી કેન્દ્રના વિષય ક્ષેત્ર માટે યોગ્ય હોય તેવી સારી રીતે વિકસાવેલ અધિકૃત ફાઈલ (authority file) હોવા ઉપરાંત નિર્દેશી પદોની પસંદ કરવા માટે પ્રમાણિત વિષય શિર્ષક યાદીનો પણ ઉપયોગ કરી શકાય.

સામગ્રીને ભૌતિક રીતે તૈયાર કરવા માટે તેની પસંદગી, પ્રાપ્તિ, વર્ગીકરણ, સૂચિકરણ બાદ કેટલીક અન્ય પ્રક્રિયાઓ કરવામાં આવે છે.

આંતરિક કાર્યનું ચોથું ક્ષેત્ર તે સાહિત્યશોધ દ્વારા માહિતીનું પૃથક્કરણ, સંયોજન અને સાંરાંશીકરણનું છે. અહીં માહિતી વિશ્લેષક તકનીકી અહેવાલો અથવા સંશોધન પ્રલેખો જેવી સ્રોતસામગ્રીને તપાસે છે અને ત્યારબાદ આ પ્રલેખીય સ્રોતોનું નિર્દેશીકરણ, લેખનું ટૂંકાણ **(extraction)** અને સારકરણ પ્રક્રિયા કરે છે. માહિતીનું ઊંડાણપૂર્વકનું પૃથકકરણ સેવાના હેતુ પર નિર્ભર રહે છે.

નિર્દેશીકરણ પ્રલેખોની વિભાવના ઓળખી બતાવે છે અને ત્યારબાદ પ્રલેખસ્રોતની પુનઃપ્રાપ્તિમાં મદદરૂપ બને છે. સારકરણ એ ચોક્કસ સામગ્રીની પસંદગીની સવલત માટે સ્રોતસામગ્રીના સારાંશીકરણ સાથે સંબંધ ધરાવે છે.

**(III) બાહ્ય ઉપભોક્તા સેવાઓ (External User Service)**

કોઈપણ માહિતી કેન્દ્રમાં મોટાભાગની બાહ્ય ઉપભોક્તા સેવાએ સામગ્રીનું પરિભ્રમણ છે. જાહેર ગ્રંથાલયો કે જ્યાં સામગ્રીનું પરિભ્રમણ અમર્યાદિત હોય છે. તેના કરતાં માહિતી કેન્દ્રના કર્મચારીઓ મર્યાદિત પ્રલેખોનું જ પરિભ્રમણ થાય તે બાબતે સાવધ હોય છે. તેઓએ ધ્યાનમાં રાખવું જોઈએ કે માત્ર અધિકૃત વ્યક્તિઓને પ્રલેખો આપવામાં આવે.

સામગ્રીના પરિભ્રમણને પૂરક બનવા માટે માહિતી કેન્દ્રોની આંતરગ્રંથાલય ઉધ્ધરણ સેવા પણ પૂરી પાડે છે. માહિતી કેન્દ્રોની અન્ય સેવાઓ વિશે આ એકમના હવે પછીના પરિચ્છેદમાં ચર્ચા કરવામાં આવી છે.

◆ **તમારી પ્રગતિ ચકાસો (Self Check Exercise)**

(7) માહિતી કેન્દ્રની સંગઠાનાત્મક પ્રવૃત્તિઓના ક્ષેત્રોની યાદી આપો.

**નોધ :** **(I)** નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તરો લખો.

**(II)** એકમ અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તરો ચકાસો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

## 2.5 માહિતી કેન્દ્રોની સેવાઓ (SERVICES OF INFORMATION CENTRES)

આજના માહિતી કેન્દ્રો વિસ્તૃત ફલક ઉપરની સેવાઓ પૂરી પાડે છે. માહિતી કેન્દ્રની સેવાઓની વિવિધતા અને વિસ્તાર ઘણો વિશાળ હોય છે. ઘણીવાર સ્વયસંચાલિત **(Automated)** ગ્રંથાલયો

અને માહિતી કેન્દ્રોની સેવાઓ વચ્ચે ભેદ પારખવો મુશ્કેલ બને છે. આમ છતાં આદર્શ માહિતી કેન્દ્રની સેવાઓ તરીકે માહિતીકાર્ય સાથે જોડાયેલા વ્યાવસાયિક કર્મચારીઓ દ્વારા સારી રીતે તૈયાર થયેલી ઉપજોને ગણાવી શકાય. માહિતી કેન્દ્રના એકબીજા સાથે જોડાયેલા વિવિધ કાર્યો આખરે એવી પ્રવૃત્તિઓમાં પરિણામે છે કે જેથી ઓછામાં ઓછી કિંમત/પ્રયત્નો દ્વારા ઉત્તમ સેવાઓ સારી રીતે પૂરી પાડી શકાય.

મોટાભાગના માહિતી કેન્દ્રો દ્વારા પૂરી પાડવામાં આવતી કેટલીક સેવાઓ નીચે દર્શાવવામાં આવી છે.

### 2.5.1 ગ્રંથોની લેવડ-દેવડ (LENDING OF BOOKS)

પ્રાચીન સમયથી કોઈપણ ગ્રંથાલયનું પાયાનું કાર્ય હંમેશા ઉપભોક્તાઓને ગ્રંથો ઘેર વાંચવા માટે આપવાનું રહ્યું છે. ઘણા માહિતી/પ્રલેખનકેન્દ્રો આજે પણ ઉપભોક્તાઓને ગ્રંથો આપે છે અને કેન્દ્ર જે માતૃસંસ્થા સાથે જોડાયેલુ હોય તે સંસ્થાના ઉપભોક્તાઓ માટેની આ સેવા મુખ્ય સેવાઓમાંથી એક મનાય છે. આમ છતાં, સામયિકો, અહેવાલો તેમજ અન્ય શ્રેણીની વિશિષ્ટ સામગ્રી ઉપભોક્તાઓને આપવામાં આવતી નથી.

### 2.5.2 પ્રલેખોની આંતર-ગ્રંથાલય લેવડ-દેવડ (Inter Library Lending of Documents)

ગ્રંથાલયો હંમેશા આંતર-ગ્રંથાલય લેવડ-દેવડના સ્વરૂપનાં સ્રોતોની હિસ્સેદારી દ્વારા એકબીજા સાથે સહકારથી જોડાય છે. ખાસ કરીને જ્યારે વિશિષ્ટ ગ્રંથાલયો માત્ર તેના માતૃ સંસ્થાના ઉદ્દેશો/પ્રવૃત્તિઓ સંબંધિત સામગ્રીની જ પ્રાપ્તિ કરતા હોય છે. તેવા સંજોગોમાં જ્યારે તેમના ઉપભોક્તાઓની જરૂરિયાતો સંતોષવા માટે આવી સામગ્રી અન્ય ગ્રંથાલયોમાંથી મેળવવામાં આવે છે અને વિશેષ કરીને સ્થાનિક સ્તરે તેની ઘણી સફળતા જોવા મળે છે.

મોટાભાગના માહિતી કેન્દ્રો જરૂરિયાત ધરાવતા સ્થાનિક ગ્રંથાલયોને માંગ ઊભી થાય ત્યારે તેમના ઉપભોક્તાની જરૂરિયાતો સંતોષવા આ સેવા પૂરી પાડે છે.

### 2.5.3 ફોટોનકલ સેવા (Photo Copy Service)

આ સેવામાં ઉપભોક્તાની વિનંતીથી માહિતી કેન્દ્ર ઉપલબ્ધ સામગ્રીઓની ફોટોનકલ પૂરી પાડે છે. અહીં ઉપભોક્તા પોતે પ્રલેખ આપે છે અને તેની નકલ મેળવવા વિનંતી કરે છે. નિશ્ચિત કિંમત આપતાં તરત જ પ્રલેખની નકલ તૈયાર કરી આપવામાં આવે છે. આ સેવા વિદ્યાર્થી અને અભ્યાસી ઉપભોક્તાઓ માટે ખૂબ જાણીતી છે. જો કે આ સેવામાં ઉપભોક્તાને જરૂરી પ્રલેખના કેટલાક ભાગની (પૃષ્ઠોની) નકલ કાઢી આપવામાં આવે છે સમગ્ર પ્રલેખની નકલ નહીં ઘણા માહિતી કેન્દ્રો તેમના ઉપભોક્તાઓ પોતાની જાતે જ નકલો કાઢી શકે તેવી સુવિધા પૂરી પાડે છે.

### 2.5.4 પ્રલેખપૂર્તિ સેવા (Documents Delivery Service)

પ્રલેખપૂર્તિ સેવામાં ઉપભોક્તાઓની વિનંતીથી સામગ્રીની નકલો પૂરી પાડવામાં આવે છે પરંતુ આમાં, માત્ર માહિતી કેન્દ્રમાં ઉપલબ્ધ હોય તે સામગ્રીની જ નકલો નહીં પરંતુ અન્ય સંગઠનો (શહેર, પ્રદેશ, દેશ અથવા વિશ્વમાંના) માંથી મેળવી ઉપભોક્તાઓને પૂરી પાડવામાં આવે છે. ફોટોનકલ સેવામાં જ્યાં ઉપભોક્તા દ્વારા દર્શાવેલ સામગ્રીના નકલ તરત જ કાઢી આપવામાં આવે છે. તેનાથી ઉલ્ટું અહી ઉપભોક્તાએ જરૂરી પ્રલેખોની વાઙ્મયસૂચિગત વિગત સાથેનું ફોર્મ ભરી વૈધિક રીતે વિનંતી કરવામાં આવે છે. સામાન્ય રીતે આ પ્રકારની સેવા માટે ઉપભોક્તા પાસેથી અગાઉથી કિંમત લેવાની અપેક્ષા રાખવામાં આવે છે. આ પછી માહિતી કેન્દ્ર પ્રલેખો કયાં છે તે જાણી લે છે. આ સેવા એક અઠવાડિયાથી શરૂ કરી ત્રણ મહિના પણ લે છે. જો કે તે ઉપભોક્તા દ્વારા વિનંતી કરેલ સામગ્રીની ઉપલબ્ધતા પર આધાર રાખે છે.

### 2.5.5 સંદર્ભ, સાહિત્ય શોધ અને વાઙ્મયસૂચિઓનું નિર્માણ (Reference, Literature Search and Preparation of Bibliographies)

સંદર્ભસેવાઓ વ્યક્તિગત અથવા અન્ય આધારિત સેવા હોઈ શકે છે. વ્યક્તિગત સંદર્ભસેવા એ છે કે જેમાં માહિતી કેન્દ્ર સંદર્ભગ્રંથો, અહેવાલો અને ડેટા પ્રાપ્ત કરે

છે અને ઉપલબ્ધ કરાવે છે ઉપભોક્તા પોતાને જરૂરી માહિતી માટે તેને તપાસે છે. આ કાર્ય કોઈપણ ગ્રંથાલયના સંદર્ભખંડમાં પૂરી પાડવામાં આવે છે. અન્ય આધારિત સંદર્ભસેવા એ છે કે જેમાં ઉપભોક્તા પોતાની મેળે માહિતી શોધે તેના કરતા કર્મચારી સભ્ય ઉપભોક્તા માટે સામગ્રી પ્રાપ્ત કરે છે અહીં ઘણા બધા પ્રલેખોમાંથી તથ્યો શોધી કાઢવામાં આવે છે. જે કર્મચારી આ શોધ કરતો હોય તેને વિષયનું જ્ઞાન હોવું જરૂરી છે.

મોટાભાગના માહિતી કેન્દ્રો દ્વારા આપવામાં આવતી કોઈ વિશિષ્ટ સમસ્યા અથવા વિષય પરની સાહિત્યશોધ સેવા એ ઘણી મૂલ્યવાન સેવા છે. આ શોધ હાલના સંશોધનકર્તાના પુનરાવર્તન સ્વરૂપમાં હોય અથવા પ્રગતિ અહેવાલના સ્વરૂપમાં હોય અથવા વિસ્તૃત સર્વેક્ષણ સ્વરૂપમાં પણ હોય છે. સાહિત્યશોધ એ કોઈ મુદ્દા પરની વ્યાપક શોધ અથવા ભૂતકાલીન સંપૂર્ણ શોધ હોઈ શકે છે.

તમે **BLIS** અભ્યાસક્રમમાં અભ્યાસ કરી ચૂક્યા છો તે વાઙ્મયમયસૂચિય એ કોઈ ચોક્કસ મુદ્દા પરના સંદર્ભોની યાદી છે. જ્યારે ઉપભોક્તાએ દર્શાવેલ મુદ્દા (ઉપભોક્તાએ સૂચવ્યા મુજબના) પરના સંદર્ભો આપવામાં આવે છે. ત્યારે તે વાઙ્મયસૂચિ સેવા તરીકે ઓળખાય છે. સામાન્યપણે માહિતી કેન્દ્રમાં વાઙ્મયસૂચિનું સંકલન કરવામાં આવે છે. તે સાહિત્યશોધના અંતમાં પરિણામે છે. વાઙ્મયસૂચિ પસંદ કરેલા કર્તા, આખ્યા કે વિષયને આવરી લેતી યાદી હોઈ શકે છે અથવા તો મૂલ્યાંકન  કરેલ સામગ્રીની અર્થસભર, મુદ્દાને અનુરૂપ વિષય સંબંધિત વિવરણાત્મક યાદી પણ હોઈ શકે છે. વાઙ્મયસૂચિઓ પસંદગીયુક્ત અથવા વ્યાપક અથવા સંપૂર્ણ અભિગમ ધરાવતી હોઈ શકે છે.

આજે માહિતી કેન્દ્રો મુદ્રિત સ્રોતો (નિર્દેશીકરણ/સારકરણ સામયિકો), સીડી રોમ અથવા ઓનલાઈન ડેટાબેઝ પ્રાપ્તિ પરથી વાઙ્મયસૂચિઓ તૈયાર કરે છે. કિંમત લઈને આપવામાં આવતી આ સેવા છે. ઉપભોક્તાઓ તેમની ખર્ચ કરવાની ક્ષમતાને ધ્યાનમાં રાખીને વિનંતી કરી શકે છે. જેમાં, મુદ્રિત સૂચિની કિંમત ઓછી અને ઓનલાઈન ડેટાબેઝ દ્વારા તૈયાર થતી વાઙ્મયસૂચિની કિંમત વધારે હોય છે.

### 2.5.6 માહિતી નિર્દેશ સેવા (Referral Services)

આ પણ સંદર્ભ સેવા જેવી જ સેવા છે. જેમાં ઉપભોક્તા કેટલીક સામગ્રી માટે વિનંતી કરે અને તે સામગ્રી માહિતી કેન્દ્ર પાસે ન હોય અથવા તો તે મેળવી શકે તેમ ન હોય ત્યારે જો તે ક્યાંથી મળશે તેનું સ્થાન જાણતા હોય તો ઉપભોક્તાને જે સામગ્રી માહિતી પૂરી પાડી શકે તે સ્રોત અથવા સંસ્થા અથવા વ્યક્તિનો નિર્દેશ કરાય છે.

### 2.5.7 સમાચારપત્ર કતરણ (Newspaper Clippings)

સમાચારપત્ર કરતણ સેવામાં માહિતી કેન્દ્રને સંબંધિત હોય તેવા મુદ્દા પરના સમાચારોને કાપીને કાગળ ઉપર ચોટાડવામાં આવે છે અને ઉપભોક્તાઓના તત્કાલીન સંદર્ભ માટે તે કાગળને ફોલ્ડરમાં મૂકવામાં આવે છે. સમાચારપત્ર કરતણના ફોલ્ડરને યોગ્ય નિર્દેશી પદો આપવામાં આવે છે. આજના મોટાભાગના આધુનિક માહિતી કેન્દ્ર સેવા કોમ્પ્યુટર દ્વારા આપે છે.

### 2.5.8 અનુવાદો (Translations)

માહિતી કેન્દ્રમાં, ખાસ કરીને વિજ્ઞાન અને ટેક્નોલોજી ક્ષેત્ર સાથે સંબંધ ધરાવતા ઘણા ઉપભોક્તાઓને ઘણીવાર વિદેશી ભાષાઓમાં પ્રસિધ્ધ થયેલી સામગ્રીઓના અનુવાદોથી જરૂર રહે છે. અનુવાદસેવા માહિતી કેન્દ્ર પોતે આપી શકે અથવા કેન્દ્ર અનુવાદ એજન્સી સાથે આ કાર્ય માટે કરાર કરી શકે છે. આ સેવા વધારેમાં વધારે ઉપયોગી બની શકે છે.  વિજ્ઞાનને કોઈ ભૌગોલિક સીમાઓ નથી અને વિવિધ પ્રકારના વૈજ્ઞાનિક વિકાસની સાથે રહેવા માટે એ જરૂરી  છે કે તમામ માહિતી કેન્દ્રોમાં અનુવાદ સુવિધા આપવામાં આવે.

### 2.5.9 તકનીકી પૂછપરછ (Technical Enquiry)

સંદર્ભસેવાને ઘણી મળતી આ સેવા છે, આમ છતાં તફાવત એ છે કે સંદર્ભ સેવામાં કોઈપણ પ્રકારની પૃચ્છાનો ઉત્તર માહિતી કેન્દ્રના કર્મચારીઓ દ્વારા આપવામાં આવે છે જ્યારે તકનીકી પૃચ્છા સેવા તરીકે ધ્યાનમાં લઈ માહિતી કેન્દ્રમાં કાર્ય કરતાં વિષમ નિષ્ણાતો દ્વારા જ આપવામાં આવે છે. તકનીકી પૃચ્છા સેવા આપવા માટે ચોક્કસ વિષયક્ષેત્ર પરના અદ્યતન સ્રોતો વસાવવા પડે છે.

### 2.5.10 માહિતી તપાસ (Information Scounting)

માહિતી તપાસ ડેટા સાથે સંબંધ ધરાવે છે જેવા કે કોની પાસે કઈ માહિતી છે અને તે ક્યાં ઉપલબ્ધ છે તેમજ ઉપયુક્ત વ્યક્તિઓની વિનંતી મુજબ સંસ્થાની અંદર કે બહારથી કે બંને રીતની સવલત પૂરી પાડવામાં આવે છે. કર્મચારી વર્ગના કોઈ સભ્ય દ્વારા તૈયાર થયેલી હોય અથવા તો સંસ્થાના સભ્યના સંશોધન પ્રયત્નોની પરિષદ અથવા બેઠકમાં નોંધ લેવામાં આવેલી હોય તેવી માહિતીનું જ્ઞાન વ્યક્તિગત મુલાકાત દ્વારા મેળવી શકાય છે. આથી માહિતી ભેગી કરવા માટે માહિતી કેન્દ્ર પાસે માહિતીના સારા જાણકાર હોય તેવા તેમજ સાથેનો સંપર્ક ધરાવનાર કર્મચારીવર્ગ હોવો જોઈએ.

### 2.5.11 અદ્યતન અવબોધન સેવાઓ (Current Awarneas Services)

તમે BLIS અભ્યાસક્રમમાં વિશિષ્ટ ગ્રંથાલયોના સંદર્ભમાં વિવિધ અદ્યતન અવબોધન સેવાઓ વિશે અભ્યાસ કર્યો છે. જોકે, ઉપભોક્તાઓનો મોટો સમૂહ વિચારે છે કે અદ્યતન અવબોધન સેવાઓ માહિતી કેન્દ્રો સાથે સમાન અર્થમાં જોડાયેલી છે. માત્ર માહિતી કેન્દ્રો જ આ સેવા આપે તેવું માનતા હોય છે. સામાન્ય રીતે માહિતી કેન્દ્રો દ્વારા વિવિધ પ્રકારની અદ્યતન અવબોધન સેવાઓ આપવામાં આવે છે જેમાં પરિગ્રહણ યાદીનું પરિભ્રમણ, પસંદગીયુક્ત માહિતી પ્રસાર, બુલેટીન બોર્ડ, નવી આવેલી સામગ્રીની જાહેરાત, સામયિકોના અનુક્રમણિકાના પૃષ્ઠોની નકલો તેમજ આવી ઘણી અન્ય સેવાઓનો સમાવેશ થાય છે.

### 2.5.12 સારકરણ (Abstracting)

સારકરણ એ કોઈ લેખ, અહેવાલ, સામયિક અથવા તેવા જ પ્રકાશનના સારાંશ તૈયાર કરવાની પ્રક્રિયા છે. જેનાથી ઉપભોક્તાઓ મૂળ સામગ્રીના સારાંશને ઝડપથી વાંચી શકે. સારાંશ સાથે આપવામાં આવતી વાઙ્મયસૂચિ વિગતો ઉપભોક્તાઓને પ્રકાશન સંબંધિત માહિતી મેળવવા માટે પૂરતી બને છે.

સાર આંતરિક સામગ્રી પરથી તૈયાર કરી શકાય છે તેમજ બાહ્ય પ્રકાશનો દ્વારા તૈયાર થયેલા સાર મેળવી શકાય છે. માહિતી કેન્દ્ર કોઈપણ સારકરણ, નિર્દેશીકરણ સેવાના પ્રકાશનનું લવાજમ પણ ભરી શકે છે. આ પ્રકાશનો સામાન્ય મૂળભૂત કોઈ ચોક્કસ વિદ્યાશાખા સંબંધિત હોય છે. ઘણા માહિતી કેન્દ્રો અનુક્રમણિકા અને સારકરણ સેવા આપે છે જે સામયિકોના અનુક્રમણિકા પૃષ્ઠોનું પ્રતિનિર્માણ (ઝેરોક્ષ) અને તેના સારનું સંયોજન છે. આના દ્વારા ઉપભોક્તા તેના રસના કયા નવા અદ્યતન સામયિક લેખો પ્રકાશિત થયા છે. તે જાણી શકે છે.

### 2.5.13 માહિતી કેન્દ્રના પ્રકાશકો (Information Centre Publication)

માહિતી કેન્દ્ર તેના ઉપભોક્તાઓને વિવિધ પ્રકાશનો, નવી સામગ્રીની પ્રાપ્તિ તેમજ તેના પોતાના પ્રકાશકોથી માહિતીગાર રાખે છે. તેની પ્રત્યેક પ્રવૃત્તિ/સેવા/ પ્રકાશન વિશેના માહિતીપત્રો(**brochures**) અથવા પ્રાપ્તિ યાદી - **"Acquisitions"** અથવા નવી પ્રાપ્તિની યાદી **(List of New Arrivals)** અથવા તો માહિતી કેન્દ્રના પ્રકાશનોની યાદી **(List of Publication Information Centre)** જેવા વિવિધ સ્વરૂપમાં તે તૈયાર કરી શકે છે.

### 2.5.14 CD-ROM શોધ (CD-ROM Search)

આજના વિજાણુ વાતાવરણમાં માહિતી કેન્દ્રો મુદ્રિત સ્ત્રોતોને સ્થાને ધીમે ધીમે વિજાણુ સ્ત્રોતોનો ઉપયોગ કરતાં થયા છે. મોટા ભાગનું મુદ્રિત થયેલું સાહિત્ય આજે સંદર્ભ તેમજ પૂર્ણ પાઠ્ય સામગ્રી (Full text material) બંને રીતે DR-

ROM સ્વરૂપમાં પણ ઉપલબ્ધ થાય છે. તેથી માહિતી કેન્દ્રો ઉપભોક્તાઓને DR-ROM પરથી પ્રાપ્ય એવા સંદર્ભો અથવા સામગ્રી મેળવી આપે છે અથવા તો ગ્રંથાલયની અંદર જ તેઓને DR શોધની સવલતો પૂરી પાડે છે.

**2.5.15 ડેટાબેઝની ઓનલાઈન પ્રાપ્તિ (Online Access To Database)**

આપણે પરિચિત છીએ કે ડેટાબેઝ દ્વારા માહિતી પુનઃપ્રાપ્તિ ઓછી કિંમતે અને વધારે વિસ્તૃત સ્વરૂપે પ્રાપ્ત કરી આપી શકાય છે. સમગ્ર વિશ્વના ગ્રંથાલયો / માહિતી કેન્દ્રોએ રોજબરોજની જરૂરિયાત અનુસાર આવી સેવાઓ/પધ્ધતિ શોધી લે છે. છેલ્લા ઘણા વર્ષોથી કેટલાક ડેટાબેઝ વિક્રેતાઓ સામગ્રીના મોટા વિસ્તારને આવરી લેતા સો ઘણા ડેટાબેઝ ઝડપથી પ્રાપ્ત કરી પૂરા પાડે છે. ડેટાબેઝના રેકોર્ડ સામાન્યરીતે સંદર્ભ માટે સામયિકલેખો, ગ્રંથો, તકનીકી અહેવાલો, પેટન્ટ, પરિષદ કાર્યવાહીઓ, માનકો, લઘુશોધ નિબંધો વગેરેને આવરી લે છે અને ઉપયોગી ડેટા/માહિતીને દર્શાવે છે.

ઉપભોક્તાઓને જ્યારે સંશોધન માટે અદ્યતન સાહિત્યની જરૂર હોય છે ત્યારે તેઓ ચોક્કસ મુદ્દા પરની શોધ માટે વિનંતી કરે છે. ઉપભોક્તાઓ માટે આ શોધ સંદર્ભો માટેની અથવા તેમના રસના મુદ્દા પરની ઊંડાણ સાથેની હોય છે. માહિતી સંસ્થા સીધા લવાજમ ભરીને અથવા વિક્રેતા દ્વારા ડેટાબેઝ પ્રાપ્ત કરી જે સેવા આપવા તૈયાર થાય છે. તે ઓનલાઈન શોધ ઘણી મોંઘી હોય છે. આવી પ્રક્રિયામાં જે ઉપરી માહિતી વ્યાવસાયિકોને સામેલ કરવામાં આવે છે તેમની પાસે વિષયના જ્ઞાનની સાથે સાથે શોધ માટેની અનુકૂળતા પણ હોવી જોઈએ.

**2.5.16 ઈન્ટરનેટ સેવાઓ (Internet Services)**

આધુનિક માહિતી કેન્દ્રો જે વીજાણું હોય અને નેટવર્ક વાતાવરણમાં કાર્ય કરે છે તે કેટલીક ઈન્ટરનેટ સેવાઓ અથવા ઈન્ટરનેટ દ્વારા પણ સેવાઓ પ્રાપ્ત કરે છે. ઘણા ઉપભોક્તાઓ સેવાઓ માટે ઈ-મેઈલ દ્વારા વિનંતી મોકલીને તેમજ મેળવીને વિવિધ સેવાઓ માટે માહિતી કેન્દ્રોને સંપર્ક જાળવી રાખે છે. આ ખૂબ જ ઝડપી, સસ્તી, ઓછામાં ઓછી માનવ દરમ્યાનગીરી ધરાવતી તેમજ સમય બચાવતી સેવા છે. આની સરખામણીએ ઘણા માહિતી કેન્દ્રો તેમના ઉપભોક્તાઓ માટે નાની રકમ વસૂલ કરીને કે વિનામૂલ્ય કે મર્યાદિત ઈન્ટરનેટ શોધ સેવાની સુવિધા પણ વધારી આપે છે.

◆ **તમારી પ્રગતિ ચકાસો (Self Check Exercises)**

(8) માહિતી કેન્દ્રની કોઈપણ પાંચ સેવાઓ દર્શાવો

(9) માહિતી કેન્દ્રની કેટલીક કમ્પ્યુટર આધારિત સેવાઓની યાદી બનાવો.

**નોંધ :** (I) નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તરો લખો.

(II) એકમ અંતે આપેલા ઉત્તરો સાથે તમારા ઉત્તરો ચકાસો.

...................................................................................
...................................................................................
...................................................................................
...................................................................................
...................................................................................
...................................................................................

## 2.6 માહિતી કેન્દ્રનું આયોજન (PLANNING AN INFORMATION CENTRE)

માહિતી કેન્દ્રની સ્થાપનામાં આયોજન પ્રક્રિયાના સોપાનો નીચે મુજબ છે :

(A) હેતુઓનું વ્યવસ્થિત ઘડતર (Formulation) - માહિતી કેન્દ્રના તમામ હેતુઓ નિશ્ચિત કરવા.

(B) નિવેશ (Input) - માહિતી, માનવીયસ્રોત /નિષ્ણાતોની સુવિધાઓ સંબંધિત જેવા કે સંસ્થાનું પીઠબળ, ભવન અને સાધનો

(C) કાર્યક્રમ વ્યવસ્થા (Organisation) - નિયંત્રણ, નિરીક્ષણ અને વ્યવસ્થા,

કાર્યવ્યવસ્થા, કિંમત અને અંદાજપત્ર તેમજ વિકાસલક્ષી ક્રિયાની ક્ષમતા માટે અમલ કરનાર સત્તામંડળ

(D) બાહ્ય સેવાઓ (**Output Services**) - બાહ્ય સેવાઓના અમલ માટેનું વિગતવાર સમયપત્રક તૈયાર કરવાનું આયોજન

(E) કામગીરીનું આયોજન (**Action Plan**) - માહિતી કેન્દ્રના વિકાસ માટે ઉપલબ્ધ સાધનો અને સ્રોતો સાથેનું ક્રમિક અને સમય મર્યાદામાં તબક્કાવાર અનેક કાર્યોને સમાવતું વાસ્તવિક આયોજન.

(F) સર્વાંગી ગુણવત્તા સંચાલન (**Total Quality Managment**) - તમામ પ્રવૃત્તિઓમાં ગુણવત્તાના પાસાને સામેલ કરવા નિવેશ સાથે.

(G) સમીક્ષ અને મૂલ્યાંકન (**Review and Evaluation**) - કાર્યક્રમ હોય કે વ્યુહરચના હોય તેના કોઈપણ સુધારા અથવા ફેરફાર માટે વિકાસલક્ષી તબક્કાની સમીક્ષા અને મૂલ્યાંકન કરવું.

◆ **તમારી પ્રગતિ ચકાસો (Self Check Exercises)**

(10) માહિતી કેન્દ્રોના આયોજનમાં સામાવિષ્ટ પ્રક્રિયાઓની યાદી બનાવો.

**નોધ :** (I) નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તરો લખો.

(II) એકમ અંતે આપેલા ઉત્તરો સાથે તમારા ઉત્તરો ચકાસો.

..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................

## 2.7 માહિતી કેન્દ્રોના ઉદાહરણો (EXAMPLES OF INFORMATION CENTRES)

માહિતી એ બૌધ્ધિક સ્રોત છે અને વિવિધ પ્રવૃત્તિઓ માટે વિકાસલક્ષી પ્રક્રિયાઓમાં વિસ્તૃતરીતે સામેલ છે. માાહિતીપૂર્તિ અને માહિતીસેવાઓની જરૂરિયાત અને મહત્વનો સ્વીકાર કરી સમગ્ર વિશ્વના તમામ દેશો વિવિધ કક્ષાએ માહિતી પધ્ધતિની શરૂઆત માટે પુરેપૂરા સક્રિય બન્યા છે.

અહીં કેટલાક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય માહિતી કેન્દ્રોના કેટલાક ઉદાહરણો આપ્યા છે :

### 2.7.1 રાષ્ટ્રીય (National)

આપણે ત્યાં ઘણા રાષ્ટ્રીય માહિતી કેન્દ્રો જેવા કે NISCAIR (અગાઉનું INSDOC), NASSDOC, DESIDOC અને એવા અન્ય કેન્દ્રો વિવિધ વિષયક્ષેત્રોમાં ઉપભોક્તાઓને રાષ્ટ્રીય કક્ષાએ આવી સેવાઓ પૂરી પાડે છે. ભારતમાં કાર્યરત આવા કેટલાક માહિતી કેન્દ્રો/પ્રલેખનકેન્દ્રોના ઉદાહરણો નીચે દર્શાવ્યા છે.

**(I) National Institute Of Science Communication and Information Resources (NISCAIR), CSIR, NEW DELHI.**

NISCAIR ની શરૂઆત 2002માં INDIAN NATIONAL SECIENTIFIC DOCUMENTATION CENTRE (INSDOC) and National Institute of Sceince Communication (NISCON) બંનેને ભેગા કરીને કરી. INSDOC ની સ્થાપના 1952માં Council of scientific and Industrial Research (CSIR) અને યૂનેસ્કોના તકનીકી સહયોગથી, ઉદ્યોગ, સરકાર, વિશ્વવિદ્યાલયો અને સંશોધન સંસ્થાઓના વૈજ્ઞાનિકો અને ટેક્નોલોજી સાથે સંકળાયેલાઓને પ્રલેખન સેવા પૂરી પાડવા માટે કરવામાં આવી હતી. NISCOM વૈજ્ઞાનિક સાહિત્યના વિશેષ કરીને સામયિકોના પ્રકાશન સાથે સંકળાયેલી હતી.

NISCAIR એ National Science Library ની વ્યવસ્થા જાળવે છે અને વિવિધ સેવાઓ / પ્રવૃત્તિઓ પૂરી પાડે છે. વીજાણું ગ્રંથાલય, પ્રલેખો પૂરી

પાડવા, વિજ્ઞાન - ટેક્નોલોજીની માહિતીની વ્યવસ્થા અને પ્રસાર, વિજ્ઞાન - ટેક્નોલોજીના પ્રલેખોનો અનુવાદ, નેટવર્કીંગ, ઓનલાઈન વાડ્મસૂચિગત માહિતી, ગ્રંથાલય/માહિતી વ્યાવસાયિકો માટે તાલીમ પામેલ કાર્યકર્તા તૈયાર કરવા તેમજ ડેટાબેઝ તૈયાર કરવા વગેરેનો સમાવેશ કરે છે. NISCAIRના કેટલાક પ્રકાશનો છે જેમાં પ્રાથમિક અને દ્વિતિય કક્ષાના સામયિકોનો સમાવેશ થાય છે. હાલમાં Traditional Knowladge Digital Library (TKDL), e-Jeournals Consortia and National Science Digital Library જેવા મહત્વકાક્ષી કાર્યક્રમો હાથ પર ધરવામાં આવ્યા છે.

**(II) National Social Science Documentation Centre (NASSDOC), ICSSR, New Delhi**

National Social Sceince Documentation Centre -(NASSDOC) ની સ્થાપના 1969માં ICSSR ના વિભાગ તરીકે સામાજીક વિજ્ઞાનોના ક્ષેત્રમાં ગ્રંથાલયો અને માહિતી સહાય સેવા પૂરી પાડવાના મુખ્ય ઉદ્દેશથી કરવામાં આવી હતી. ભારતમાં સામાજિક વિજ્ઞાનોના સંશોધકો કે જેઓ શૈક્ષણિક સંસ્થાઓ, સ્વાયત્ત સંશોધન સંસ્થાઓ, નિર્ણય ઘડતર, સરકારી વિભાગોના સંશોધન અને આયોજન એકમો, વેપાર અને ઉદ્યોગ વગેરેમાં રોકાયેલ છે. તેઓને માટે સેવાઓ ઉપલબ્ધ કરાવે છે. NASSDOC એ ICSSR ના પ્રાદેશિક કેન્દ્રોના ગ્રંથાલયો તેમજ NASSDOC દ્વારા સંચાલિત સંશોધન સંસ્થાઓને પણ માર્ગદર્શન પૂરું પાડે છે.

NASSDOC ખાતે ગ્રંથાલય અને સંદર્ભ સેવાઓ; અપ્રકાશિત મહાનિબંધોનો સંગ્રહ; સંશોધન પ્રોજેક્ટ અહેવાલો; સમાજ વિજ્ઞાનના પસંદ કરેલા ભારતીય અને મૂળ વિદેશી સામયિકોના અદ્યતન અને પ્રાચીન ગ્રંથો ; ડેટાબેઝ પરથી સાહિત્યશોધ સેવા ; વાડ્મયસૂચિઓનું સંકલન અને પ્રલેખપૂર્તિ સેવાની સવલતો ઉપલબ્ધ છે. **NASSDOC** સંઘસૂચિ પ્રોજેક્ટ સાથે સંકળાયેલ છે તેમજ ટૂંકા ગાળાના તાલીમ અભ્યાસક્રમો પણ હાથ પર ધરે છે.

**(III) Defence Scientific Information and Documantation Centre (DESIDOC), DRDO, New Delhi.**

DECIDO ની સ્થાપના 1958માં Defence Research and Development Organisation (DRDO) ના હેઠળ થયેલી જે DRDO પ્રયોગશાળાઓ અને સંરક્ષણ મંત્રાલયની અન્ય એજન્સીઓના રસની વૈજ્ઞાનિક અને તકનીકી માહિતીના સંગ્રહ, પ્રક્રિયા અવે પ્રસાર માટેની કેન્દ્રિય એજન્સી છે. DESIDOC ની સવલતોમાં Defence Science Library (DSL), અનુવાદો સેવાઓ, માહિતી નેટવર્ક અને પ્રત્યાયન સુવિધા તેમજ મલ્ટીમીડિયા સુવિધા સામેલ છે. DESIDOC કેટલાક સામયિકો અને કેટલાક ઉપયોગી પ્રકાશનો તૈયાર કરે છે, તેમજ DRDO ની પ્રકાશન પાંખ તરીકે પણ કાર્ય કરે છે. DRDO પ્રયોગશાળાઓ / વિભાગોના તમામ વૈજ્ઞાનિકોને સ્રોત સામગ્રીની હિસ્સેદારી દ્વારા કાર્યક્ષમ માહિતી સેવા પૂરી પાડે છે. DOC એ DRDOની તમામ પ્રયોગશાળાઓ / વિભાગો માટે e-mail અને ઈન્ટરનેટ સુવિધા પૂરી પાડેલ છે.

**(VI) Small Entreprices National Documentation Centre (SENDOC).**

Small Enterprises National Documentation Centre (SENDOC) ની સ્થાપના 1970માં National Small Industry Externsion Training Institute (NISIET) ખાતે નાના અને મધ્યમ લઘુ ઉદ્યોગકારોની માહિતીની જરૂરિયાતો પૂરી પાડવા માટે વિશેષ Knowledge Resource Centre તરીકે થઈ હતી. કેન્દ્ર પાસે ગ્રંથો, સામયિકો, અહેવાલો, મુદ્રિત અને વીજાણું માધ્યમમાં વ્યાપાર અને ઔદ્યોગિક માહિતી જેવા જ્ઞાનના સ્રોતોનો સંગ્રહ ધરાવે છે. SENDOC ઘણા ઓનલાઈન

ડેટાબેઝને આવરી લે છે તેમજ તેની પ્રવૃત્તિઓમાં ગ્રંથોની લેવડ દેવડ, પ્રલેખોની આંતર ગ્રંથાલય લેવડ દેવડ, સંદર્ભ સેવા, વાઙ્મયસૂચિઓ તૈયાર કરવી, સાહિત્ય શોધ, સમાચારપત્ર કતરણ અને તકનીકી પૃચ્છા સેવાનો સમાવેશ કરે છે.

મૂલ્યવાન જ્ઞાન સ્રોત, તજજ્ઞો અને સુવિધાઓથી સજ્જ આ કેન્દ્રોએ 1971 થી માહિતી વિજ્ઞાનમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કાર્યક્રમો તેમજ અન્ય ઉપભોક્તાલક્ષી કાર્યક્રમો હાથ પર ધરેલ છે. ઉપરાંત 108 થી પણ વધારે વિકસતા દેશોના ગ્રંથાલય અને માહિતી વ્યવસાયિકોને તાલીમ પૂરી પાડેલી છે. કેન્દ્ર માહિતી ટેક્નોલોજીમાં પ્રગતિ અહેવાલો (State of The Art) સુવિધા પણ ધરાવે છે. તેમજ તેના વિભાગ Business Information Bureau (BIB) દ્વારા વિવિધ પ્રલેખન અને માહિતી સેવાઓ પૂરી પાડે છે.

**(V) Wildlife Institute of India - Library and Documentation Centre, Dehradun**

1986માં માત્ર 4 જેટલી ગ્રંથાલય સેવાઓથી શરૂઆત થયેલી, આજે આ કેન્દ્ર જંગલી પ્રાણીસૃષ્ટિ ક્ષેત્રમાં તેના ઉપભોક્તાઓને 22 જેટલી સેવાઓ પૂરી પાડે છે. ગ્રંથાલયની સાથે સાથે ગ્રંથાલયમાં જ માહિતી પૃથક્કરણ અને પ્રલેખન એકમ અલગ છે. આ એકમ માહિતી અને વાઙ્મયસૂચિ સેવાઓ પૂરી પાડવા માટે જવાબદાર છે. મહત્વની પ્રવૃત્તિઓમાં માસિક **Current Centent** સેવા, ચોક્કસ મુદ્દાઓ પરની વાઙ્મયસૂચિ તૈયાર કરવી, ભારતીય જંગલી પ્રાણીસૃષ્ટિ વિષય સંબંધી સારકરણ સેવા, સમાચારપત્ર કતરણ સેવા તેમજ જંગલી પ્રાણીસૃષ્ટિ સંબંધિત વિશિષ્ટ પ્રકારના પોતાના ડેટાબેઝ અને **CD-ROM** નો જાળવણી વગેરેનો સમાવેશ થાય છે.

**(VI) BARC Scientific Information Resource Division Central Library, Depository Library and Divisional Libraries.**

Bhabha Automic Research Centre (BARC) કેન્દ્ર ગ્રંથાલય અને પ્રલેખન પ્રવૃત્તિઓનું ધ્યાન રાખવા માટે Scientific Information Resource Division ધરાવે છે. કેન્દ્રિય ગ્રંથાલય, થાપણ ગ્રંથાલય અને વિભાગીય ગ્રંથાલયો દ્વારા તમામ પ્રકારની પ્રવૃત્તિઓને આવરી લેવામાં આવે છે. BARC ખાતેનું કેન્દ્રિય ગ્રંથાલય BARC ના વૈજ્ઞાનિકો અને ઈજનેરો તેમજ Department of Atomic Energy હેઠળની અન્ય સંસ્થાઓની માહિતી જરૂરિયાતોને પહોંચી વળવા વીજાણું માહિતી સ્રોતો સાથેનું જરૂરી માળખુ અને સુવિધાઓ ધરાવે છે.

થાપણ ગ્રંથાલય (Depository Library - DL) દેશમાં અણુવિજ્ઞાન અને ટેક્નોલોજી ક્ષેત્રના વૈજ્ઞાનિક અને તકનીકી અહેવાલો માટેનું ખૂબ મહત્વનું ગ્રંથાલય છે. તે 5,50,000 થી વધારે અહેવાલો ધરાવે છે. તેમાંના મોટાભાગના માઈક્રોફિલ્મ (માઈક્રોકાર્ડ/માઈક્રોફિસ) માં અને કેટલાક સીડીરોમ પર પ્રાપ્ય છે. વૈજ્ઞાનિકોની વિનંતીથી અહેવાલો આપવામાં આવે છે. કેન્દ્રિય ગ્રંથાલયને પૂરક બનવા BARC ઘણા મહત્વના વૈજ્ઞાનિક વિભાગોને વિભાગીય ગ્રંથાલયો છે. જ્યાં રોજબરોજના સંદર્ભ માટે જરૂરી હોય તેવા ગ્રંથો અને અન્ય પ્રકાશનો રાખવામાં આવે છે. આમ છતાં, વિભાગીય ગ્રંથાલયોને જરૂરી સામગ્રીની પ્રાપ્તિ અને પ્રક્રિયા માટે કેન્દ્રિય ગ્રંથાલય જવાબદાર છે.

**(VII) Bioinformatics Centre, National Instutute of Oceanography, Goa.**

Bioinformatics Centre ની સ્થાપના જાન્યુઆરી 1990માં Dona Paula (CSIR) ખાતેની National Institute of Oceanography (CSIR) કરવામાં આવી હતી. જેને Biotechnology Information System (BTIS) કાર્યક્રમ હેઠળ સમુદ્રવિજ્ઞાનો (Marine Sciences) માં

Bioinformatics અને તેના અમલના ક્ષેત્રોના વિકાસના મહત્વ અને જરૂરિયાત માટે માન્યતા આપવામાં આવી. NIO ખાતેનું Biodiversity કેન્દ્ર Marine Biodiversity પરના ડેટા / માહિતીના સંગ્રહ અને પ્રસાર માટે, વિષયમાં ડેટાબેઝ તૈયાર કરવા, નેટવર્ક અને પ્રત્યાયનને વિકસાવવા તેમજ સંભવિત ઉપભોક્તાઓને તાલીમ પૂરી પાડવા માટે સંકલ્પબદ્ધ છે.

**(VIII) Agriculture Research Information Centre, ICSSR, New Delhi.**

Indian Council of Agriculture Research (ICAR) 1967 થી ICAR દ્વારા નાણાં પૂરા પાડવામાં આવે છે તેવા તમામ સંશોધન પ્રોજેક્ટ અને યોજનાઓ માટેના માહિતીના કેન્દ્રિય સ્રોત તરીકે Agriculture Research Information Centre, (ARIC) ચલાવે છે. કેન્દ્ર કૃષિ પ્રોજેક્ટ, પ્રતિનિધિ અહેવાલો અને સંસ્થાઓના સંશોધન પ્રોજેક્ટ પરના ડેટાબેઝ જાળવે છે. જે ડેટાબેઝને કમ્પ્યુટર દ્વારા અદ્યતન રાખવામાં આવે છે. ARIC એ AGRIS માટેના ડેટાબેઝ તૈયાર કરનાર અને FAO ના CARIS કૃષિ ડેટાબેઝ તૈયાર કરનાર રાષ્ટ્રીય કેન્દ્ર છે, જે વિશ્વમાં આ પ્રકારની મોટામાં મોટી માહિતી પધ્ધતિ છે. ARIC એ SAARC Agriculture Information Centre (SAIC) માટેનું રાષ્ટ્રીય કેન્દ્રબિંદુ પણ છે. કેન્દ્રએ અર્ધવાર્ષિકી Directory of Conferences, Seminars, Symposia and workshop ને ઉપરાંત કેટલીક ડિરેક્ટરીઓ પણ પ્રસિધ્ધ કરી છે.

## 2.7.2 આંતરરાષ્ટ્રીય (INETERNATIONAL)

વિવિધ દેશોમાં અલગ અલગ પ્રકારના રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના સંગઠનો અથવા માહિતી કેન્દ્રો હોય છે. નીચે કેટલાક માહિતી/પ્રલેખન કેન્દ્રોના ઉદાહરણો આપ્યા છે જે આંતરરાષ્ટ્રીય સ્તરે અન્ય દેશોના અથવા પ્રદેશના ઉપભોક્તાઓને સેવા આપે છે.

**(I) Japan Information Centre of Science and Technology - JICST, Japan.**

JICST - વિશ્વમાં વિજ્ઞાન અને ટેક્નોલોજીની તમામ આવશ્યક માહિતીને આવરી લે છે. તેને સંગ્રહ વિજ્ઞાન અને ટેક્નોલોજી ક્ષેત્રમાં અને ખાસ કરીને જાપાનમાં પ્રસિધ્ધ થયેલા સાહિત્ય માટેનો વિશ્વનો એક વ્યાપક સંગ્રહ છે. JICST નો સંગ્રહ માત્ર દેશના સામયિકોનો જ નહીં પરંતુ 60 થી વધારે દેશોના સામયિકોની આખ્યા (Title) નો મોટી સંખ્યામાં સમાવેશ કરે છે એટલું જ નહીં પરંતુ જાપાનની અંદરના અને બહારના આવા તકનીકી અહેવાલો અને પરિષદ કાર્યવાહીઓનું સાહિત્ય જે મેળવવું ખૂબ જ અઘરું છે તેનો પણ તેમાં સમાવેશ કરે છે. આ સાહિત્ય JICST ગ્રંથાલયોમાં વાંચન અને ફોટોનકલ સેવા માટે જમા કરાવવામાં આવે છે. JICST કમ્પ્યુટર આધારિત માહિતી JOIS અને STN દ્વારા આપે છે તેમજ અન્ય ગ્રાહક સેવાઓ જેમાં ઝડપી ફોટોનકલ, અનુવાદ સેવાઓ અને વ્યક્તિ દ્વારા થતી શોધ સેવાનો પણ સમાવેશ કરે છે.

**(II) Bangladesh National Scientific and Technical Documentation Centre (BANSDOC), Dhaka, Bangladesh.**

Bangladesh National Scientific and Technical Documentation Centre (BANDSDOC) ની સ્થાપના 1972માં Bangladesh Council of Scientific and Industrial Research (BCSIR) કે જે બાંગ્લાદેશનું અગ્રેસર વિજ્ઞાન અને ટેક્નોલોજી માહિતી સંગઠન છે તેના એકમ તરીકે કરવામાં આવેલી. 1987માં BANDSDOC અને National Science Library બંને ભેગા થયા અને અગ્રેસર રાષ્ટ્રીય સંગઠનના મોભાના સ્થાન તરીકે તેમજ 1987 માં ઘડવામાં આવેલી રાષ્ટ્રીય વિજ્ઞાન અને ટેક્નોલોજી નીતિની ભલામણો સાથે દેશમાં ટોચના અંગ તરીકે અસ્તિત્વમાં આવ્યુ.

BANDSDOC વૈજ્ઞાનિકો, ટેક્નોલોજી સાથે સંકળાયેલાઓ, તકનીકી વ્યક્તિઓ, ઉદ્યોગપતિઓ, આયોજકો અને નીતિ-નિર્ધારકોને વૈજ્ઞાનિક અને ટેક્નોલોજી ક્ષેત્રની માહિતી પૂરી પાડે છે. તેમજ દેશના આર્થિક - સામાજિક વિકાસને આગળ ધપાવવા કટિબધ્ધ છે. આ વિચારધારા મુજબ BANDSDOC વિજ્ઞાન ટેક્નોલોજીની તમામ શાખાઓમાં વૈજ્ઞાનિક સંશોધન અને પ્રાયોગિક વિકાસ પરની માહિતી અને ડેટાને એકત્રિત કરે છે., પ્રક્રિયા કરે છે અને સંગ્રહ કરે છે તેમજ આવી માહિતી સંશોધકો - તેના જોડાણને ધ્યાનમાં લીધા વિના પછી ભલે તે સંશોધનમાં રોકાયેલા હોય, શૈક્ષણિક, સંસ્થાઓ, આયોજન સંગઠનો, નીતિ નિર્ધારક અંગો અથવા રાષ્ટ્રીય કે વિભાગીય ઉદ્યોગોને પૂરી પાડે છે.

**(III) Institute For Scientific and Technical Information (INIST), National Centre For Scientific Research (CNRS), France (Institute de I'Information Scientique at Technique (INIST) - Centre National de la Research Scientfique (CNRS), France)**

INIST એ CNRS, France ના વિજ્ઞાન અને તકનીકી માહિતીના કેન્દ્ર તરીકે વિશાળ ગ્રંથાલય સાથે મહત્વની વિજ્ઞાન અને ટેક્નોલોજીની માહિતી સુવિધા પૂરી પાડે છે. ગ્રંથાલય પાસે વિશાળ પ્રલેખ સંગ્રહ છે, જેના દ્વારા લોકોને પ્રલેખપૂર્તિ સેવા, વાઙ્મયસૂચિગત ડેટાબેઝને પૂરક બનવા વિજ્ઞાન, ટેક્નોલોજી, વૈદિક, માનવવિદ્યાઓ અને સામાજીક વિજ્ઞાનોમાં સાહિત્યની નિર્દેશીકરણ સેવાઓ અને આંતરરાષ્ટ્રીય સ્તરના મહત્વના વિજ્ઞાન - ટેક્નોલોજી સાહિત્યને આવરી લેતા પ્રલેખો પૂરા પાડે છે. INIST ના સંગ્રહમાં સામયિકો, વૈજ્ઞાનિક અહેવાલો, પરિષદ કાર્યવાહીઓ, ગ્રંથો તેમજ મહાનિબંધો અને સંસ્થાઓનું અપ્રસિધ્ધ સાહિત્ય (grey literature) નો સમાવેશ કરે છે. INIST એ પ્રલેખોની લેવડ દેવડ કરતું ગ્રંથાલય નથી પરંતુ પોતાના સંગ્રહ ઉપરાંત વિશ્વમાનાં કોઈપણ સંગ્રહમાંના પ્રલેખોની ફોટોનકલ મોકલી આપે છે.

**(IV) Pakistan Scientific and Technological Information Centre (PASTIC),**

Pakistan Science Foundation ના એકમ તરીકે PASTIC એ માહિતી પ્રસાર ક્ષેત્રનું અગ્રણી સંગઠન છે જે પાકિસ્તાનમાંના વિજ્ઞાન અને ટેક્નોલોજીની માહિતી જરૂરિયાત ધરાવતા સંશોધકોને સેવા આપે છે. PASTIC સંશોધકો માટે વિજ્ઞાન અને ટેક્નોલોજીની માહિતી મેળવે છે, પ્રક્રિયા કરે છે અને તેનો પ્રસાર કરે છે. સાથે સાથે વાઙ્મયસૂચિ અને અનુવાદ સેવાઓ પણ આપે છે. PASTIC એ રાષ્ટ્રીય સ્તર આંતરગ્રંથાલય સહકાર અને સ્ત્રોત સામગ્રીની હિસ્સેદારી પણ વિકસાવી છે. તેણે National Sciences Reference Library નો વિકાસ કરી સમૃધ્ધ બનાવી છે. તેની સેવાઓમાં વાઙ્મયસૂચિ સંકલન, નિર્દેશીકરણ અને સારકરણ, તકનીકી અનુવાદો, અદ્યતન અવબોધન સેવાઓ, સંદર્ભ અને પેટન્ટ માહિતી તેમજ વિનંતી હોય તેને બેવડાતી હોય તેવી માહિતી પૂરી પાડવી વગેરેનો સમાવેશ થાય છે. PASTIC એ વિવિધ આંતરરાષ્ટ્રીય સંગઠનો જેમાં SAARC Ducumentation Centre નો પણ સમાવેશ થાય છે માટેનું રાષ્ટ્રીય કેન્દ્રબિંદુ છે.

**(V) SAARC Documentation Centre (SDC) New Delhi, India**

SDC એ નવી દિલ્હી, ભારત ખાતે 1994માં સ્થપાયેલું South Asia Association For Regional Co-operation (SAARC) તેના સભ્ય રાષ્ટ્રોને વિજ્ઞાન, ટેક્નોલોજી, ઉદ્યોગો, ધંધા, વ્યાપાર અને વિકાસલક્ષી બાબતોની માહિતીની ફેરબદલી કરતું પ્રાદેશિક કેન્દ્ર છે. કેન્દ્રનો ઉદ્દેશ SAARCપ્રદેશમાંના વિદ્વાનોની માહિતી જરૂરિયાતોને પહોંચી વળવાનો

છે જે સમયસર સંબંધિત અને પ્રમાણભૂત માહિતી પ્રાપ્ત કરી પૂરી પાડે છે, ગ્રંથાલય/માહિતી વિજ્ઞાન/માહિતી ટેક્નોલોજી ક્ષેત્રમાના માનવીય સ્રોતોનો વિકાસ કરે છે. તેમજ SAARC પ્રદેશમાંના પરંપરાગત જ્ઞાન, અનુવાંશિક સ્ત્રોતોનું સંરક્ષણ કરવા માટે SAARC Traditional Knowladge Digital Library (TKDL) ના વિકાસનો સમાવેશ કરે છે. SDC એ SAARC પ્રદેશમાંના અને પ્રદેશ પરના પ્રલેખો/અહેવાલોના થાપણ કેન્દ્ર તરીકે કાર્ય કરે છે. તેમજ SAARC પ્રદેશના વિદ્વાનોને માહિતીસેવાઓ પૂરી પાડે છે.

**(VI) Coconut Information Centre (CIC), Shrilanka**

નાળિયેર વિષેની વૈજ્ઞાનિક અને ટેક્નોલોજી વિષયક માહિતીની પ્રાપ્તિ, વર્ગીકરણ અને પ્રસાર માટે 1979માં CIC ની સ્થાપના થઈ હતી. નાળિયેર ક્ષેત્રના સંશોધન અને માહિતી માટે વિશ્વની એકમાત્ર ઉત્તમ સંસ્થા છે. કેન્દ્રની સ્થાપના બાદ તેના એ પ્રયત્નો રહ્યા છે કે નાળિયેર વિષેની પ્રલેખીય સામગ્રી મેળવવી અને નોંધવી તેમજ માહિતી ઉપજો રજૂ કરવી. આજે સંશોધકો અદ્યતન સાહિત્ય સરળતાથી પ્રાપ્ત કરી શકે તે માટે દઢીકરણ પ્રવૃત્તિમાં તેમજ તેની સેવાઓ વિસ્તારવામાં આ કેન્દ્ર પ્રવૃત છે. કેન્દ્ર નાળિયેર ક્ષેત્ર સાથે સંબંધિત માહિતી ઉપજો એકત્રિત કરે છે. COCONIS Newsletter પ્રકાશિત કરે છે અને Directory of Coconut Research Workers પણ તૈયાર કરેલી છે.

**(VII) ALL - Russian Scientific and Technical Information Institute of Russian Academy & Sciences - Vserossinky Institute Nauchnoi Tekhnicheskoi Informatsii (VINITI) Moscow, Russia.**

VINITI વિશ્વના સમુદાયને 1952થી વૈજ્ઞાનિક અને તકનીકી માહિતી પૂરું પાડતું રશિયાનું આ અગ્રણી માહિતી કેન્દ્ર છે. VINITI ની સ્થાપના અને નાણાંકીય પીઠબળ પૂરું પાડવામાં Russian Academy of Sciencess અને Russian Ministry of Industry, Science and Technology નો સહયોગ છે. VANITI નું મુખ્ય કાર્ય કુદરતી અને તકનીકી વિજ્ઞાનોના રશિયન વૈજ્ઞાનિકો અને વિશેષજ્ઞોને માહિતી પૂરી પાડવાનું છે. VANITI મુદ્રિત અને વીજાણું સ્વરૂપમાં માહિતી ઉપજો તૈયાર કરે છે. તેમજ સામયિકોનું પ્રકાશન પણ કરે છે.

**(VIII) Canada Institute for Scientific and Technical Information (CISTI), National Research Council, Canada**

CISTI-Canada Institute for Scientific and Technical Information એ વિજ્ઞાન, ટેક્નોલોજી ઈજનેરી અને વૈદિક ક્ષેત્રમાં માહિતી માટેનો વિશ્વનો મુખ્ય સ્રોત છે.CISTI ની શરૂઆત 75 વર્ષ પહેલાંની કેનેડાની સંશોધન અને વિકાસની અગ્રણી એજન્સી National Research Council of Canada ના ગ્રંથાલય તરીકે થઈ હતી. જે 1957માં National science Library બની. CISTI એ 1974માં વૈજ્ઞાનિક અને તકનીકી સમુદાય માટે આપવામાં આવતી સેવાઓનો વ્યાપ વિસ્તૃત કરવા અને વીજાણું માહિતી ઉપજોના વિકાસમાં તેની ભૂમિકા વિકસાવવા માટે ફેરફારો પણ કર્યા.

CISTI નું મુખ્ય મથક કેનેડાના ઓટાવા શહેરમાં છે જ્યાં વિજ્ઞાન, ટેક્નોલોજી અને વૈદિક વિષયના પ્રકાશનોનો વિશ્વનો સૌથી મોટો સંગ્રહ છે. NRC સંશોધન પ્રેસ એ CISTI નું પ્રકાશન અંગ છે. જ્યાંથી સંશોધનના આંતરરાષ્ટ્રીય કક્ષાના 15 સામયિકો ઉપરાંત કેટલાક ગ્રંથો અને પરિષદ કાર્યવાહીઓ પ્રકાશિત થાય છે. CISTI ઉપભોકતાને જરૂરી કોઈપણ

માહિતી જેવી કે સામયિકોમાંનો લેખ અથવા ઊંડાણપૂર્વકની સાહિત્યશોધ અથવા તજજ્ઞ માટે માહિતી નિર્દેશ વગેરે પૂરા પાડે છે. સંસ્થા પાસે સરળતાથી ઉપયોગ કરી શકાય તેવા વીજાણું માહિતી ઉપકરણો છે કે જેના ઉપયોગથી ઉપભોક્તાઓ તેમના ક્ષેત્રમાં થતા નવા વિકાસથી સતત જાણકાર રહી શકે છે.

◆ **તમારી પ્રગતિ ચકાસો (Self Check Exercises)**

(11) ભારતના કોઈપણ રાષ્ટ્રીય માહિતી/પ્રલેખન કેન્દ્ર પર ટૂંકનોધ લખો.

(12) કોઈપણ આંતરરાષ્ટ્રીય માહિતી/પ્રલેખન કેન્દ્ર પર ટૂંકનોંધ લખો.

**નોધ :** (I) નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તરો લખો.

(II) એકમ અંતે આપેલા ઉત્તરો સાથે તમારા ઉત્તરો ચકાસો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

## 2.8 સારાંશ (SUMMARY)

તમે એ બાબતથી પરિચિત છો કે 20મી સદીથી શરૂઆતમાં વિશિષ્ટ ગ્રંથાલયો અસ્તિત્વમાં આવ્યા, અને ત્યારબાદ વ્યાપારને ટેકો આપતા ધંધાકીય અને વ્યાપારી સંગઠનો, સરકારી વિભાગો તેમજ સંશોધન સંગઠનોને પ્રાથમિકકક્ષાની માહિતી જરૂરિયાતો પૂરી પાડવા માટે માહિતી કેન્દ્રો અસ્તિત્વમાં આવ્યા. દેશના માહિતી માળખાના આ માહિતી કેન્દ્રો માહિતી હાથ પર ધરવામાં, સેવાઓ આપવામાં અને ઉપયોગ કરાવવામાં મદદરૂપ બની બળવત્તર સાબિત થયા છે. માહિતી કેન્દ્રો, તમામ પ્રકારના ઉપભોક્તાઓને માહિતી પૂરી પાડવાના હેતુસર પણ સેવા આપે છે. માહિતી કેન્દ્રો વિવિધ પ્રકારના હોય છે અને પ્રત્યેક માહિતી કેન્દ્રો જરૂરી ક્ષેત્રમાં સમયસર માહિતી પ્રાપ્ત કરી પૂરી પાડવાના મુખ્ય હેતુસર મહત્વની ભૂમિકા ભજવે છે અને સેવા આપે છે.

આપણે ગ્રંથાલયો અને માહિતી કેન્દ્રોના સંબંધને તેમની સેવાઓ અને એકબીજાને સહયોગી બનવાના અન્ય પ્રયત્નોના વિવિધ દૃષ્ટિકોણને પણ ધ્યાનમાં રાખવા જોઈએ. આજે આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય, પ્રાદેશિક, વિભાગીય અને સ્થાનિક કક્ષાના સારી રીતે સ્થપાયેલા માહિતી અને પ્રલેખન કેન્દ્રો અસ્તિત્વમાં છે. આજના સમયમાં ઉપભોક્તાઓ માહિતી કેન્દ્રોની કમ્પ્યુટર આધારિત આધુનિક સેવાઓ વિના કાર્ય કરી શકે નહીં. કમ્પ્યુટર અને પ્રત્યાયન સુવિધાઓ દ્વારા સારી રીતે કાર્ય કરતા માહિતી કેન્દ્રો અસરકારક નેટવર્ક પણ ઊભુ કરે છે, જે સ્રોતોના મહત્તમ ઉપયોગ અને સુવિધાઓમાં મદદરૂપ બને છે. જે સમગ્ર દેશમાં ઉપભોક્તાઓના ફાયદા માટે માહિતીનો પ્રવાહ સરળ બનાવવામાં પરિણમે છે.

## 2.9 "તમારી પ્રગતિ ચકાસો" ના ઉત્તરો (ANSWERS TO SELF CHECK EXERCISES)

(1) માહિતી કેન્દ્રને સંગઠન તરીકે આ રીતે વ્યાખ્યાયિત કરી શકાય :

(I) માંગ ઉભી થયે વિશિષ્ટ માહિતીની પસંદગી, પ્રાપ્તિ, સંગ્રહ અને પુનઃપ્રાપ્તિ કરવી

(II) માહિતીની જાહેરાત (announces), સાર, સંક્ષેપો અને નિર્દેશિકાઓ અને

(III) માંગ ઊભી થાય ત્યારે અથવા અપેક્ષાએ પ્રલેખોમાંથી માહિતી પ્રસારિત કરે છે.

(2) વિશિષ્ટ ગ્રંથાલયો પરંપરાગત રીતે પ્રલેખોને એકત્રિત કરે છે, સંગ્રહ કરે છે અને ઉપભોક્તાઓને માંગ ઉભી થયે આપે છે. આમ છતાં, સેવાઓની ઉપયોગિતાને કેન્દ્રમાં રાખીએ તો પ્રલેખો પરથી માહિતી તરફના ઝોકને કારણે ઉપભોક્તાઓ પ્રાપ્ત થતા પ્રલેખો પ્રાપ્ત થતા પ્રલેખોને પૂરક બનાવવા માહિતી સેવાઓ પૂરી પાડવા માહિતી કેન્દ્રો સ્થપાયા. મૂળ તો આ નવા પ્રકારની સેવાઓ વિશિષ્ટ ગ્રંથાલયો દ્વારા આપવામાં આવતી હતી પરંતુ આપણા હેતુને જોતાં માહિતી કેન્દ્રોને સંગઠન તરીકે ધ્યાનમાં લેવા જોઈએ કે જે વિશિષ્ટ ગ્રંથાલયોનું વિસ્તૃત સ્વરૂપ છે અને તે વિશિષ્ટ ઉપભોક્તાઓની વિવિધ જરૂરિયાતોને સંતોષવા માટે સેવાના એકમ તરીકે ગ્રંથાલય પ્રવિધિઓ અને કાર્યોને થોડા ફેરફાર સાથે જરૂરી માહિતી હાથ પર ધરવાનું કાર્ય કરે છે અને દર્શાવે છે.

(3) માહિતી કેન્દ્રોની જરૂરિયાત માટેના કેટલાક કારણો છે :

- પ્રલેખો કરતાં પ્રલેખોમાં સમાવિષ્ટ માહિતીની સેવાને પ્રાધાન્યતા ;
- ઉપભોક્તાઓની માહિતી જરૂરિયાતોની બદલાતી જટિલતાને પહોંચી વાળવા ;
- વિવિધ વિષય ક્ષેત્રોના વિકાસને પહોંચી વળવા ;
- સંચાલકો, વૈજ્ઞાનિકો, સંશોધકો અને વિકાસ ક્ષેત્રની વ્યક્તિઓ, આયોજકો અને નીતિ નિર્ધારકો દ્વારા લેવામાં આવતા નિર્ણયોમાં સુધારો લાવવા ;
- પ્રદેશ, વિષય અથવા અન્ય રીતે સ્રોત સમાગ્રીની હિસ્સેદારી અને નેટવર્કીંગ પ્રવૃત્તિઓના ભાગ બનવા માટે ;
- નવા પ્રકાશનો, માહિતીસ્રોતો અને ડેટાબેઝની પ્રાપ્તિ માટે ;
- ઉપભોક્તાઓની વિશિષ્ટ જરૂરિયાતોને ધ્યાનમાં રાખી માહિતીનું ચોકસાઈપૂર્વકનું મૂલ્યાંકન, પૃથક્કરણ, દઢીકરણ અને પુનઃગઠન માટેની જરૂરિયાત

(4) માહિતી કેન્દ્રોને આ મુજબ શ્રેણીબધ્ધ કરી શકાય :

**(a)** વિશિષ્ટ રસ અનુસાર

**(b)** માલિકીપણા અનુસાર

**(c)** સેવાના સ્તર અનુસાર

**(d)** પૂરી પાડવામાં આવતી સેવાઓ અનુસાર

**(e)** સામગ્રીના પ્રકારો અનુસારો

**(f)** ઉપભોક્તાઓની સેવા અનુસાર

(5) માહિતી કેન્દ્રો વિવિધ કક્ષાઓએ કાર્ય કરે છે જે આંતરરાષ્ટ્રીય કે વૈશ્વિક, પ્રાદેશિક, રાષ્ટ્રીય અથવા સ્થાનિક કક્ષાના હોય છે.

**(a)** **વૈશ્વિક/આંતરરાષ્ટ્રીય માહિતી પધ્ધતિઓ / કેન્દ્રો** - આ કેન્દ્રો સામાન્ય રીતે વિકેન્દ્રિત નિવેશ (Input), કેન્દ્રિય પ્રક્રિયા અને વિકેન્દ્રીત પ્રસાર અથવા માહિતીનું નિર્ગમન (Output) ધરાવતા હોય છે. દા.ત. AGRIS/CARIS International Informa tion System for the Agriculuture Sciences and Technology, FAO, Rome.

**(b)** **પ્રાદેશિક માહિતી કેન્દ્રો** - પ્રાદેશિક કક્ષાએ માહિતી પ્રવૃત્તિઓને આવરી લેવા માટે ભૌગોલિક વિસ્તાર ધરાવતા સેવાના સ્તર અનુસાર વિવિધ દેશો ભેગા મળે છે. દા.ત. SAARC Documentation Centre, New Delhi.

**(c)** **રાષ્ટ્રીય માહિતી કેન્દ્રો** - આ એવા કેન્દ્રો છે કે જે રાષ્ટ્રની સરકાર દ્વારા સ્થપાય છે અને રાષ્ટ્રીય સ્તરે તે કાર્ય કરે છે. રાષ્ટ્રીય માહિતી કેન્દ્રો રાષ્ટ્રીય સ્તરે કાર્યો, પ્રવૃત્તિઓ અને સેવાઓ કરે છે. દા.ત. Thai National Documentation Centre, Bangkok, Thailand and Bangladesh National Scientific and Technical Documen tation Centre (BANSDOC), Thaka, Bangladesh.

(d) **પ્રાદેશિક કેન્દ્રો (દેશની અંદરના) - સામાન્યત :** આ કેન્દ્રો વિસ્તૃત ભૌગોલિક ક્ષેત્ર ધરાવતા દેશોમાં સ્થાપવામાં આવે છે. પ્રાદેશિક કેન્દ્રો વિવિધ પ્રદેશોમાં ઉપભોક્તાઓને માહિતી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે સ્થાપવામાં આવે છે.

(e) **વિભાગીય માહિતી કેન્દ્રો** - આ શ્રેણીમાં આવતા માહિતી કેન્દ્રો વિશિષ્ટ વિદ્યાશાખા અથવા વિષયક્ષેત્રને સમર્પિત હોય છે, ઉપભોક્તાઓને તે રાષ્ટ્રીય કક્ષાએ સેવાઓ આપે છે તેમજ સંબંધિત વિદ્યાશાખા અથવા ધ્યેય સાથે સંકળાયેલી સંસ્થા જોડાયેલ હોય છે. દા.ત. : National Information Centre For Marine Science (NICMAS), National Institute of Oceanography, Goa, India.

(f) **સ્થાનિક માહિતી કેન્દ્રો** - આ કેન્દ્રો સ્થાનિક કક્ષાના ચોક્કસ સંગઠનો સાથે જોડાયેલા હોય છે, જે તેમની વિશિષ્ટ માહિતી જરૂરિયાતો પૂરી પાડે છે. દા. ત. Information Centre, United Receland Ltd, Kurukshetra, India.

(6) ઉપભોક્તાઓને સેવાઓ પૂરી પાડતા કેટલાક માહિતી કેન્દ્રોના ઉદાહરણો :

(I) વૈજ્ઞાનિક અને ટેક્નોલોજી ક્ષેત્રના ઉપભોક્તાઓ - **National Institute of Science Communication and Information Resources (NISCAIR), New Delhi.**

(II) સરકારી કર્મચારીઓ : **National Informatics Centre, New Delhi**

(III) ઔદ્યોગિક કાર્યકરો : **Small Enterprises National Documentation Centre (SENDOC) Hyderabad.**

(IV) કૃષિ કાર્યકરો : **Agriculture Research Information Centre, Indian Council of Agriculture Research, New Delhi.**

(7) માહિતી કેન્દ્રોની પ્રવૃત્તિઓના મુખ્ય ક્ષેત્રો છે :

(I) સંચાલન અને વ્યવસ્થા સેવાઓ

(II) આંતરિક કાર્ય સેવાઓ

(III) બાહ્ય ઉપભોક્તા સેવાઓ

(8) માહિતી કેન્દ્રોની મુખ્ય સેવાઓ છે :

(a) તકનીકી પૃચ્છાઓ (પૂછપરછ) ના ઉત્તર

(b) સાહિત્ય શોધ અને વાઙ્મયસૂચિઓનું નિર્માણ

(c) અદ્યતન અવબોધન સેવાઓ

(d) પ્રલેખ પૂર્તિ સેવા

(e) અનુવાદ સેવાઓ

(9) કોમ્પ્યુટર આધારિત કેટલીક માહિતી સેવાઓ છે

- **CD-ROM** શોધ
- ડેટાબેઝની ઓનલાઈન પ્રાપ્તિ
- ઈન્ટરનેટ શોધ

(10) માહિતી કેન્દ્રના આયોજનમાં આ બાબતનો સમાવેશ કરાય છે : ઉદ્દેશોનું ઘડતર, માહિતીસ્રોતો, માનવીયસ્રોત, સુવિધાઓ અને નાણાં, પૂરી પાડવામાં આવતી સેવાઓ તેમજ સમીક્ષા અને મૂલ્યાંકનના અમલ માટેના કાર્ય આયોજનનો સમાવેશ.

(11) Small Enterprises National Documantation Centres (SEDDOC) ની સ્થાપના 1970માં National Small Industry Extension Training Institute (NISIET) ખાતે નાના અને મધ્યમ લઘુ ઉદ્યોગકારોની માહિતી જરૂરિયાતો પૂરી પાડવા માટે વિશેષ

Knowladge Resource Centre તરીકે થઈ હતી. કેન્દ્ર પાસે ગ્રંથો, સામયિકો, અહેવાલો, મુદ્રિત અને વીજાણું માધ્યમમાં વ્યાપાર અને ઔદ્યોગિક માહિતી જેવા જ્ઞાનના સ્રોતોનો મૂલ્યવાન સંગ્રહ ધરાવે છે. **SENDOC** ઘણા ઓનલાઈન ડેટાબેઝને આવરી લે છે તેમજ તેની પ્રવૃત્તિઓમાં : ગ્રંથોની લેવડ - દેવડ, પ્રલેખોની આંતરગ્રંથાલય દેવડલેવડ, સંદર્ભસેવા, વાઙ્મયસૂચિઓ તૈયાર કરવી, સાહિત્ય શોધ, સમાચારપત્ર કતરણ અને તકનીકી પૂછપરછ સેવાનો સમાવેશ થાય છે.

મૂલ્યવાન જ્ઞાનસ્રોતો, તજજ્ઞો અને સુવિધાઓથી સજ્જ આ કેન્દ્રે 1971 થી માહિતીવિજ્ઞાનમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કાર્યક્રમો તેમજ અન્ય ઉપભોક્તાલક્ષી કાર્યક્રમો હાથ પર ધરેલા છે. ઉપરાંત 108 થી પણ વધારે વિકસતા દેશોના ગ્રંથાલય અને માહિતી વ્યાવસાયિકોને તાલીમ પૂરી પાડેલી છે. કેન્દ્ર માહિતી ટેક્નોલોજીમાં પ્રગતિ અહેવાલો (step of the art) સુવિધા પણ ધરાવે છે તેમજ તેના વિભાગ (Business Information Bureau) દ્વારા વિવિધ પ્રલેખન અને માહિતીસેવાઓ પૂરી પાડે છે.

**(12)** Japan Information Centre of Science and Technology - JICST, Japan વિશ્વમાં વિજ્ઞાન અને ટેક્નોલોજીની તમામ આવશ્યક માહિતીને આવરી લે છે. તેમજ તેનો સમગ્ર વિજ્ઞાન અને ટેક્નોલોજીક્ષેત્રમાં અને ખાસ કરીને જાપાનમાં પ્રસિધ્ધ થયેલા સાહિત્ય માટેનો વિશ્વનો અને વ્યાપક સંગ્રહ છે. JICST નો સંગ્રહ માત્ર દેશના જ સામયિકોની આખ્યાનો (Title) નો મોટી સંખ્યામાં સમાવેશ કરે છે. એટલું જ નહીં પરંતુ જાપાનની અંદરના અને બહારના આવા તકનીકી અહેવાલો અને પરિષદ કાર્યવાહીઓનું સાહિત્ય જે મેળવવું ખૂબ જ અઘરું છે તેનો પણ સમાવેશ કરે છે. આ સાહિત્ય JICST ગ્રંથાલયોમાં વાચન અને ફોટોનકલ સેવા માટે જમા કરાવવામાં આવે છે. JICST કમ્પ્યુટર આધારિત માહિતી JOIS અને STN દ્વારા આપે છે તેમજ અન્ય ગ્રાહક સેવાઓ જેમાં ઝડપી ફોટોનકલ, અનુવાદ સેવાઓ અને વ્યક્તિ દ્વારા થતી શોધસેવાનો પણ સમાવેશ કરે છે.

## 2.10 ચાવીરૂપ શબ્દો (KEY WORDS)

**નેટવર્ક (Network)** : પ્રત્યાલેખન સુવિધાઓ સાથેનું માહિતી કેન્દ્રો અને પધ્ધતિઓનું આંતરસંબંધ ધરાવતું સુગ્રથિત એકમ કે જે વત્તે ઓછે અંશે વૈધિક રીતે અને સંસ્થાકીય કરારથી સહકાર સાધે છે. જે ઉપભોક્તાઓને અસરકારક રીતે સેવા આપવા માટે તેમના સ્રોતોને ધ્યાનમાં રાખી એકબીજા સાથે સંકળાયેલા રહી માહિતીની વ્યવસ્થાકીય કામગીરી કરે છે.

**પ્રલેખન કેન્દ્ર (Documentation Centre)** : એવું સંગઠન જે (1) માંગના આધારે વિશિષ્ટ પ્રલેખોની પસંદગી, પ્રાપ્તિ, સંગ્રહ અને પુનઃપ્રાપ્તિ કરે છે, (2) પ્રલેખોની જાહેરાત, સાર, સારાંશો, નિર્દેશિકાઓ તૈયાર કરે છે. (3) પ્રલેખો અથવા તેના વિષયવસ્તુની માંગ થાય ત્યારે પ્રલેખોને પ્રસારિત કરે છે.

**માળખું (Instructure)** : સંસ્થાઓ, સંગઠનો, સ્રોતોનો સમૂહ કે જે માહિતીના સર્જનથી તેના ઉપભોક્તા સુધી તેની વ્યવસ્થા કરે છે અને પૂર્તિ કરે છે.

**માહિતી કેન્દ્ર (Information Centre)** : એવું સંગઠન કે જે (1) માંગના આધારે વિશિષ્ટ પ્રલેખોની જાહેરાત, સાર, સારાંશો, નિર્દેશિકાઓ તૈયાર કરે છે (3) માંગ ઊભી થાય ત્યારે અને અપેક્ષાએ માહિતી પ્રસારિત કરે છે.

**માહિતી સેવાઓ (Information Services)** : કોઈ મુદ્દા પર અદ્યતન સંદર્ભો પૂરા પાડવા, પ્રલેખ અથવા ખાસ કરીને સામયિકોના લેખ જેવા તેના કોઈ ભાગની નકલ પૂરી પાડવી, અનુવાદ કરવા વગેરે.

વિશિષ્ટ ગ્રંથાલયો (**Special Libraries**) : એવા ગ્રંથાલયો જે વિશિષ્ટ ઉપભોક્તાઓની અપેક્ષિત અને વિશિષ્ટ માંગને ધ્યાનમાં રાખી સેવા આપવા માટે ચોક્કસ જરૂરિયાતોને પૂરક બનવા વિશિષ્ટ સામગ્રીને એકત્રિત કરે છે અને સંગ્રહ કરે છે.

## 2.11 સંદર્ભો અને વિશેષ વાચન (REFERENCES AND FURTHER READING)

Atherton, Pauline (1977). Handbook for Information Systems and Services. Paris : UNESCO

------ (1984). Information Centre, Berkshire : Pergamon Infotech Ltd.

Foskett, D.J. (1994). Information Services In Libraries. 2nd ed.London: Lockwood.

Kent, Allen (ed). (1980). Encylopedia of Library and Information Science. London: Macmillian.

Khanna, J.K. (2000). Documentation and Information Services, Systems and Techniques. Agra: Y.K. Publishers.

Khanna, J.K. (1996). Handbook of Information System and Services. New Delhi_ Beachon Books.